
પ્રેરક
વ્રત-નિયમનો...



प्रगट ब्रह्मस्वरूप प्रमुखस्वामी महाराज अमृत महोत्सव प्रकाशन
प्रमुखस्वामी महाराज ग्रंथ श्रेणी : ४

प्रेरक व्रत-नियमना...

(प्रमुखस्वामी महाराजना व्रत-नियमना पालन माटेना आग्रहनी समीक्षा)

साधु आदर्शजीवनदास

प्रकाशक :
स्वामिनारायण अक्षरपीठ
शाहीबाग, अमदावाद -४

પ્રેરક વ્રત-નિયમના

(પ્રમુખસ્વામી મહારાજના વ્રત-નિયમના પાલન માટેના આગ્રહની સમીક્ષા)

પ્રથમ આવૃત્તિ :
ફેબ્રુઆરી, ૧૯૯૫.

પ્રત :
૧૫,૦૦૦

આવરણ છબિ :
સાધુ યોગીચરણદાસ

મૂલ્ય :
રૂા. ૭-૦૦

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ-૪.

આમુખ

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અમૃત મહોત્સવના ઉપક્રમે, તેઓશ્રીનાં દિવ્ય જીવન-કાર્યને અર્ઘ્ય આપતી પ્રકાશન શ્રેણી આપના હાથમાં મૂકતાં હર્ષ થાય છે.

મહાપુરુષના જીવનને ક્યારેય શબ્દોના બાંધેલા કિલ્લા વચ્ચે પૂરી શકાતું નથી - એ એક નક્કર વાસ્તવિકતા છે. પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના વ્યક્તિત્વને જુદા જુદા દૃષ્ટિકોણથી મૂલવતી આ પ્રકાશન શ્રેણીના પ્રત્યેક લેખકને, એનો અનુભવ અવશ્ય થયો છે.

માનવદેહમાં વિચરતી અસાધારણ દિવ્ય વિભૂતિ સમા પરમ પૂજ્ય સ્વામીશ્રીના એ વ્યક્તિત્વને અહીં શબ્દોમાં મૂકવાનો પ્રયાસ કર્યો છે, એ ગુરુભક્તિનું એક પુષ્પમાત્ર છે.

ભગવાન સ્વામિનારાયણે ચીંધેલા રાહે, માનવમાત્રના સર્વાંગી ઉત્કર્ષ માટે પોતાના જીવનની ક્ષણે ક્ષણનું બલિદાન દેનાર સ્વામીશ્રી માટે, આ પુસ્તિકા એ માત્ર એક પરિચયાત્મક રજૂઆત જ છે. અહીં વિષયને સમ્યક્ પણે મૂલવવાની અક્ષમતા સ્વીકારી લઈને આ પુસ્તિકા આપના હાથમાં મૂકીએ છીએ.

આ પુસ્તિકામાં, નિયમ-ટેક માટેના સતત પ્રેરણાસ્રોત સમા પરમપૂજ્ય સ્વામીશ્રીના નિયમપ્રેરક વ્યક્તિત્વને મૂલવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ પુસ્તિકાના લેખક પૂજ્ય આદર્શજીવન સ્વામીનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

આશા છે, આ પુસ્તિકા સ્વામીશ્રીને કંઈક વધુ સમજવામાં આપની મદદ કરી શકશે.

- પ્રકાશન સમિતિ
સ્વામિનારાયણ અક્ષરપીઠ

ક્રમિકા

પ્રાસ્તાવિક

આ એક નક્કર ઐતિહાસિક ઘટના છે.

કાઠિયાવાડના દેશી રજવાડા વખતના જામનગર રાજ્યના જામ-વિભાજીના વખતનો બનેલો આ બનાવ છે.

કોઈ કારણસર જામનગર રાજ્યનો વહીવટ એક વર્ષ માટે અંગ્રેજ સલ્તનત હેઠળ રાખવામાં આવ્યો હતો. અને એક વહીવટકર્તા તરીકે અંગ્રેજ સરકારે એક અંગ્રેજ અમલદારની નિમણૂંક કરી હતી. આ અમલદાર થોડી ભાંગીતૂટી હિન્દી બોલી શકતો.

ઉનાળાનો સમય હતો. રાજ્યની વિઘોટી ઉઘરાવવા અંગ્રેજ સરકારનું ખૂબ દબાણ હતું. ગામડાંઓમાં પોતાને ફર્યા વગર આવક થઈ શકે એમ ન લાગતાં અને ભારત-કાઠિયાવાડની ગ્રામ્યપ્રજાનું કેવું જીવનધોરણ છે એ જાણવાના હેતુસર પોતે ધુડશિયા-ધુતારા–ખંઢેરા-હોળીસંગ-ધુડકોટ એ પાંચ ગામનો કાર્યક્રમ નક્કી કર્યો અને જે તે ગામને પોતાના ગામની તારીખ આપી દેવામાં આવી.

ધુતારા અને ખંઢેરા થઈ બીજે દિવસે સવારના ચાર વાગ્યે પોતાના ઘોડા પર સવાર થઈ પોતાના રસાલા સહિત હોળીસંગ, ધુડકોટ વગેરે ગામોમાં જવા નીકળ્યો.

રસ્તામાં સરસ મજાના બળદની જોડ જોઈ. ડોકે ઘૂઘરા લટકે છે. બળદના

કપાળમાં ચાંદલા છે અને એના ઘંટારવથી આનંદવિભોર થતી બળદની જોડ રસ્તો કાપ્યે જાય છે. ગાડાખેડૂએ પણ કપાળમાં કુમકુમનો ચાંદલો કરેલો છે. સ્વચ્છ કપડાં પહેરેલાં છે અને કોઈ ભક્ત કવિનાં પ્રભાતિયાં લલકાર્યે જાય છે. અમલદાર આ જોઈ ખૂબ ખુશ થયો. તેણે ખેડૂતના મુખ પર સંતોષ અને આનંદની લાગણી જોઈ. ખેડૂત સુખી અને સમૃદ્ધ હોય એમ લાગ્યું.

પંદરેક દિવસ પછી ફરીને કોઈ એક પરગણામાં જવાનો પ્રસંગ બન્યો. ત્યાંના બળદ અને ખેડૂતોમાં પેલાં ગામડાંઓમાં જોવા મેળેલો આનંદ-ઉત્સાહ, કપાળમાં ચાંદલા વગેરે જોવા ન મળ્યું. આ અમલદારના માનસ પર એવી છાપ પડેલી કે કાઠિયાવાડનાં ગ્રામ્ય વિસ્તારના દરેક ખેડૂત કપાળમાં આ રીતે ચાંદલા કરતા હશે. એ હિસાબે તેને થોડી નવાઈ લાગી અને પોતાના સ્થાનિક અમલદારને આ વાત કરી. જાણવા મળ્યું કે પેલા લોકો સ્વામિનારાયણના સત્સંગી થઈ ગયા છે. અગિયાર વાગે પોતાની કચેરીમાં જતાંવેંત પોતાના અંગત સચિવને બોલાવીને એક સરક્યુલર કાઢવા હુકમ કર્યો : 'સબ સ્વામિનારાયણ હો જાયે ઐસા એક સરક્યુલર નિકાલો.' સચિવે સરક્યુલર તો કઢાવ્યો પણ અમલદારને સમજાવ્યું કે આ રીતે ફરજિયાત કોઈ એક જ ધર્મ પળાવવો એ આપણી રાજકીય નીતિ નથી. અમલદાર સમજ્યો પણ પછીથી પોતે જેટલો વખત જામનગરના વહીવટકર્તા તરીકે રહ્યો તેટલો વખત 'તુમ સ્વામિનારાયણ ક્યોં નહીં હોતે હો ? સ્વામિનારાયણ અચ્છા હૈ...' એમ ગામડાંના ખેડૂતોને પોતે કહેતો. નહાવું-ધોવું, તિલક-ચાંદલો કરવા પોતે આગ્રહ કરતો.

ઈતિહાસના આ અક્ષરો ચોખ્ખા અને ઉઘાડા છે. દોડતાંયે વંચાય એવડા પ્રચંડ અને ભવ્ય છે.

ઓગણીસમી સદીનું પ્હો ફાટ્યું ત્યારે સમસ્ત ગુજરાત તો હજીયે કાળી ઓઢણી ઓઢીને પોઢેલું જ હતું. ગુજરાત પર વરસેલી અંધશ્રદ્ધા અને અરાજકતાની આંધીઓ હજીયે પોતાનો તિમિરરાશિ પ્રસરાવ્યે જ જતી હતી. દારૂની પ્યાલીઓમાં અનેકાનેકના રોટલા લથડિયાં ખાઈ જતા હતા. માંસાહારના એકએક ગ્રાસે અનેક પશુઓનો હ્રાસ થતો હતો. વ્યભિચારે ધર્માચારના લેબાશમાં અનેકને પોતાના પાશમાં જકડી લીધા હતા.

આવા સમયે શ્રીજીના સત્સંગતેજથી પ્રકાશિત આવા માનવદીવડાઓ અનેકને પ્રકાશ આપી રહ્યા હતા.

જનજીવનનાં તમામ ક્ષેત્રોમાં અંધકાર વ્યાપી ગયો ત્યારે ભગવાન સ્વામિનારાયણ સૂર્યરૂપે પૃથ્વી પર અવતર્યા. પરાત્પર અક્ષરધામમાંથી પોતે પધાર્યા ત્યારે પોતાની સાથે બે વાત લાવ્યા - સાધુ અને નિયમ.

અક્ષરધામમાંથી આવેલા આ બે તેજપુંજોએ સમગ્ર જનજીવનને સાચા અર્થમાં માનવતાના પ્રકાશથી ઉજ્જવળ કરી દીધું. સમાજમાં પ્રસન્નતાના પ્રશસ્તિપાઠ ગવાવા લાગ્યા. રમણીયતાની રમ્ય રાગિણી રેલાઈ અને સંસ્કારિતાનું સૂરીલું સ્તવન છેડાયું.

શ્રીજીમહારાજે ધર્મદીપક પ્રગટાવ્યો. વિષયવાયુ વડે તેની જ્યોત્સના ઓઝપાઈ ન જાય તે માટે બે આડશો મૂકી - વચનામૃત અને શિક્ષાપત્રી. 'વચનામૃત'માં પાછલાં હજારો વર્ષના અધ્યાત્મના નિચોડને આવતાં હજારો વર્ષ સુધી ટકી રહે તેવાં શુદ્ધ સ્વરૂપમાં આપ્યો. 'શિક્ષાપત્રી' એટલે કાળમાં કદી ફાટે નહીં અને ફીટે નહીં તેવી નિત્ય નિયમાવલિ.

વર્તમાનયુગમાં સ્વતંત્રતાનો વાયુ ફૂંકાયો છે. આજના યુગને ધર્મબંધનોની કેદ કઠે છે. પ્રગતિમાં અવરોધક લાગે છે. પણ પોતે ભૂલી જાય છે કે પ્રગતિનું રહસ્ય એ શિસ્ત જ છે, સંયમ જ છે. પ્રમુખસ્વામી મહારાજ ઘણી વાર કહે છે : 'ધર્મનાં બંધન એ બંધન નથી પણ મુક્તિનાં સાધન છે.'

શું નદીના કિનારા નદીનું બંધન કહેવાશે ખરા ? નદીનાં નીરની પ્રગતિ, પારદર્શિતા અને પ્રવાહિતા કિનારાને જ આભારી છે ને ! કિનારા વિના લોકમાતા તળાવ બની જાય. નિત્શે કહેતો : 'જે વૃક્ષને આકાશની ઊંચાઈએ ગતિ કરવી હોય તેણે પોતાનાં મૂળિયાં પાતાળ સુધી પહોંચાડવાં પડે.' જો આ વાત સત્ય હોય તો વૃક્ષનાં મૂળિયાંને વૃક્ષનું બંધન કહેવાશે ? તારનું બંધન છે તો સિતારનું અસ્તિત્વ છે.

મુક્તિ માટે બંધનની આવશ્યકતા છે જ. પ્રમુખસ્વામી મહારાજે આ આવશ્યક્તા પિછાણી છે.

એમને સમાજને ઊર્ધ્વગામી બનાવવો છે. એટલે જ તેઓ નિયમોનાં મૂળિયાં પાતાળે નાંખે છે.

સ્વચ્છંદતા પશુતા નોતરે છે. પ્રમુખસ્વામી મહારાજને માનવમાંથી દેવ પ્રગટ કરવો છે, પશુ નહીં. એટલે જ સ્વામીશ્રી સમાજને સંયમની સ્વતંત્રતા બક્ષે છે. કદાચ, એટલે જ તેઓ છેકથી જ નિયમોના આગ્રહી રહ્યા છે.

પરંતુ સ્વામીશ્રીના આ આગ્રહમાં વિશેષતા છે. આ નિયમપાલન માટે સ્વામીશ્રી વિવિધ રીતો અપનાવે છે, જે સંપૂર્ણ વૈજ્ઞાનિક છે.

ક્યારેક તર્કનું તીર તો ક્યારેક વર્તનનું હીર; ક્યારેક પ્રોત્સાહનનાં પૂર તો ક્યારેક નૈતિકતાનાં નૂર; ક્યારેક વિનોદની હેલી તો ક્યારેક વક્તાની શૈલી; ક્યારેક મમતાનું દર્શન તો ક્યારેક વ્યવહારુતાનું દિશાદર્શન.

આવાં આવાં વિવિધરંગી આયામોથી સભર અને મનોવૈજ્ઞાનિક અભિગમથી સભર, પ્રેમના પર્યાયસમા તેમના નિયમ-આગ્રહને આપણે આ પુસ્તિકાનાં બે આવરણ પૃષ્ઠો વચ્ચે માણીશું...

* * *

૧. મમતાનો મેઘમલ્હાર

કોઈકે કહ્યું છે : Love is nature's second sun. પ્રેમ એ પ્રકૃતિનો બીજો સૂર્ય છે.

એક સૂર્ય આકાશમાં ઊગે છે. બીજો હૃદયાકાશમાં. આકાશનો સૂરજ પ્રકૃતિને પોષે છે, વિકૃતિને શોષે છે. હૃદયાકાશનો સૂરજ સંસ્કૃતિનો સંપોષક બની રહે છે.

તત્ત્વજ્ઞાનીઓ આ પ્રેમની ચર્ચા કરે છે. પ્રેમ એ ચર્ચાનો વિષય નથી. પ્રેમ એ વિચારની નહીં, આચારની ભાષા છે. પ્રેમનો અનુભવ હવા જેવો છે. હવાને 'હોવાપણું' સિદ્ધ નથી કરવું પડતું. પ્રેમ પ્રયત્ન નથી, સહજ છે. ઉત્તમ કક્ષાએ પ્રેમ સ્વમાંથી પ્રગટીને સર્વ તરફ જાય છે. સર્વને ઝીલવા માટે પણ સ્વ જોઈએ. આ સ્વમાંથી સ્વજન બને છે.

આવા સર્વગામી પ્રેમમાં પરિવર્તનની શક્તિ હોય છે. ભગવાન સ્વામિનારાયણ માટે કિશોરલાલ મશરૂવાળા લખે છે : 'અપ્રતિમ આયોજક હોવા છતાં તેમના નેણમાંથી પ્રેમનો અખંડિત પ્રવાહ વહેતો.' આ પ્રવાહમાન પ્રેમની પારદર્શિતાએ અનેકનાં જીવનપરિવર્તન કર્યાં હતાં.

વર્તમાનકાળે શ્રીજીમહારાજના સ્વરૂપરૂપ પ્રમુખસ્વામી મહારાજમાંથી પણ પ્રેમનો પરાગ ઝરે છે. તે માનવીની હૈયાભૂમિના કણેકણમાં પ્રસરીને અંતઃકરણનાં રજકણો બદલે છે.

સુરતના બોઘાવાલા શેઠનો પૌત્ર જીતુ આમ તો સત્સંગી. પણ કોઈક કારણે મંદિરે નિયમિત આવવામાં શિથિલ બની ગયો હતો. સ્વામીશ્રીના સુરતનાં રોકાણ

દરમ્યાન એક વાર તે દર્શને આવ્યો હતો. સ્વામીશ્રીની ચકોર નજરમાં તેની હાજરી નોંધાઈ ગઈ અને એને દૂરથી જ બોલાવતાં સ્વામીશ્રી કહે : 'જીતુ ! ક્યાં ખોવાઈ છે ?' સ્વામીશ્રીના આ મમતાસભર મર્મવેધક પ્રશ્નથી જીતુ વીંધાઈ ગયો અને સાંધુ સ્વામીશ્રીના ખોળામાં માથું મૂકી દીધું. સ્વામીશ્રીએ તેના માથે હળવો હાથ ફેરવતાં પૂછ્યું : 'રોજ મંદિરે આવે છે ?'

'ના.'

'રવિવારે ?'

'ના.'

શરમનો માર્યો જીતુ બોલી શકતો ન હતો. સ્વામીશ્રી નજાકતથી માથે હાથ ફેરવતાં કહેવા લાગ્યા : 'ભગવાને જ્યારે બધી રીતે દયા કરી છે તો હવે રવિવારે તો મંદિર આવવાનું રાખ ! દુકાને કો'કને બેસાડીને આવી જવું. અને મસાલા કાઢ. માવો-માવી તો પેસવા જ ન દેવાં.' સ્વામીશ્રીના આ સ્નેહભર્યા ઉપદેશે જીતુને પલાળી દીધો. એણે સ્વામીશ્રીનાં વચનો સ્વીકારી લીધાં.

૧૯૯૪ની વિદેશયાત્રા દરમ્યાન સ્વામીશ્રી લંડનમાં હતા. અહીં બંધાનાર ઐતિહાસિક મંદિરમાં સેવા નોંધાવવા માટે કિશોરોએ કેટલાક વિશેષ નિયમો સાથે પોતાના મોજશોખ પર કાપ મૂકી, તેની સહી કરેલી નિયમાવલિ સ્વામીશ્રીને સભામાં સુપ્રત કરી. કિશોરોની આ સમર્પણ ભાવનાથી સ્વામીશ્રી અત્યંત રાજી થયા.

કિશોરસભામાંથી ઉતારે પધારતાં સ્વામીશ્રીએ સામે ઊભેલા કિશોર ચંદ્રેશને પૂછ્યું : 'નિયમ લખ્યા છે તે શ્યોર (ચોક્કસ) છે ને ?'

ચંદ્રેશ કહે : 'મેં નથી લીધા.'

'નથી લીધા એટલે છૂટી જવાનું ? બેઠા એ બધાએ પાળવાનું છે. શ્યોર છે ને ? કમ્પલીટ ?'

ચંદ્રેશે હકાર ભણ્યો એટલે રાજીપો દર્શાવ્યો.

જમીને સ્વામીશ્રી કૉન્ફરન્સ રૂમમાં પધાર્યા, ત્યારે તે બધા નિયમો કાગળ

તરત પેન લઈ કાગળ પર લખી આપ્યું : 'શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસના આશીર્વાદ છે... બળ રહે તે આશીર્વાદ છે.' સહી કરી રૂમમાં જતાં જતાં બોલ્યા : 'જો જે કોઈ દા'ડો ભૂલ ન થાય, નહિ તો મારે ઉપવાસ કરવો પડશે !'

લંડનનો એક યુવક ખોટા રવાડે ચડી ગયેલો. સંતોના પ્રયત્ને તે સ્વામીશ્રી પાસે આવ્યો. સ્વામીશ્રીએ તેને સમજાવ્યો. સ્વામીશ્રીના હેતે હૈયું ગળી ગયું. તે નિયમબદ્ધ થતાં બોલ્યો : 'હવે મને ખરેખર દુઃખ થાય છે.'

સ્વામીશ્રી કહે : 'તને દુઃખ થાય છે તેના કરતાં વધુ દુઃખ મને થાય છે.'

સત્સંગી દ્વારા થતા નિયમભંગથી પોતાને થતાં દુઃખને વ્યક્ત કરતાં શ્રીજીમહારાજ વચનામૃત ૩૩માં કહે છે : '... જ્યારે અમે એવી વાર્તા (નિયમભંગની) સાંભળીએ છીએ ત્યારે વાંઝિયાને ઘેર દીકરો આવ્યો હોય ને મરી જાય ને તેને જેવો શોક થાય તેવો અમારે પણ શોક થાય છે...'

ગુરુ કે ઉપદેષ્ટાના દરજ્જાથી તદ્દન અભાન બન્યા વિના, માતા સમા વાત્સલ્યની અગાધતા વિના આ લાગણી ઊઠવી શક્ય છે ખરી ?

સ્વામીશ્રી જ્યારે કિશોરો-યુવાનોને નિયમપાલનની વાત કરે છે ત્યારે લાગણીની લિપિ વાપરે છે

યૌવનના તેજીલા તોખારને તેઓ પ્રેમના અદૃષ્ટ તંતુથી બાંધે છે.

સ્વામીશ્રીનાં વાત્સલ્યની હળવાશ નિયમોનો ભાર લાગવા દેતી નથી; સૌ હોંશે-હોંશે નિયમો પાળવા કટિબદ્ધ થાય છે.

સ્વામીશ્રીનો મમતામેઘ નિરાવરણ છે. તે નેણે વરસે છે અને વેણે પણ વરસે છે. તે સ્થળ પણ જોતો નથી અને કાળ પણ જોતો નથી.

સ્વામીશ્રી સુરતમાં રોજના ક્રમથી પરવારીને કારમાં બિરાજીને સભામંડપમાં પધાર્યા. પૂજા કરી, પારાયણની વિધિ બાદ એ જ કારમાં ઉતારે આવવા નીકળ્યા. મનોજ નામનો યુવક કાર ચલાવતો હતો. સ્વામીશ્રીએ એની સાથે વાત માંડી : 'આપણે સત્સંગનું કેમ છે ? પૂજા કરે છે ?' સ્વામીશ્રીના આ પ્રશ્નો સામે મનોજ મૌન રહ્યો. સ્વામીશ્રી એ મૌનને ઉકેલતાં કહેવા લાગ્યા : 'નથી કરતો. ખબર પડી ગઈ. આપણે એ બાબતમાં પાકું રહેવું. નિયમિત સભામાં આવવું, સત્સંગ મોળો પડે એટલે પછી મસાલા ને બધું જ પેસે.' બંધ ગાડીમાં એ યુવાન સ્વામીશ્રીની સ્નેહવર્ષાથી ભીંજાઈ રહ્યો અને નિયમપાલન માટે સંમત થયો.

મદ્રાસ એરપોર્ટની વી. આઈ. પી. લાઉન્જમાં સ્વામીશ્રી યુવકો સાથે વાતોએ વળગ્યા.

'નવરાત્રિમાં શું કરો છો ?'

'રાસ.'

'ડિસ્કો નહીં ને ?'

'ના.'

'તો સારું. પણ આપણે ધ્યાન રાખવું. છોકરા-છોકરીઓનો ભેળીસારો ન થવો જોઈએ. જુદું જુદું રાખવું. અહીં નવરાત્રિમાં વરસાદ હોય એટલે હૉટલમાં રમવાનું. એમાં ખર્ચો ખોટો કરવાનો અને કલ્ચર બગડે. આપણે તો મર્યાદા એટલે મર્યાદા. સત્સંગી થયા એણે તો જુદું જ પાડવું. નવરાત્રિ તો ભગવાનને રાજી કરવાનો ઉત્સવ છે. એમાં ભગવાનનો સ્વાદ લેવાનો હોય કે બૈરાંનો ?... આપણે ધંધો સારી રીતે કરવો. સામાજિક કાર્યો કરવાં. પણ જીવન કેમ સારું બને, વ્યસન-દૂષણ કેમ ન પેસે એનો ખ્યાલ રાખવો.'

એક આંતરરાષ્ટ્રીય હવાઈમથકની ચહલપહલ વચ્ચે શું હળવાશથી સ્વામીશ્રી યુવાનીને સ્પર્શી રહ્યા છે !

પરદેશ સિધાવતાં પોતાના વહાલસોયા દીકરાને માતાએ ઘેર મન ભરીને મળી લીધું હોય છે, છતાં પણ ઉપડતાં પ્લેને, ઉપડતાં હૈયે હૃદયસ્થ મમતા બે શબ્દો કહ્યા વિના રહી શકતી નથી. કારણ કે સંતાન પોતાનું છે ને !

આ મમતાની ઘેરી છાલક અહીં પણ અનુભવાય છે.

સ્વામીશ્રીએ વહાવેલા આશીર્વાદમાં, એમણે દૃઢાવેલા નિયમ-આગ્રહમાં નથી યુવાનોનો વ્યવહાર અટક્યો કે નથી યુવાની ધર્મભીરુ બની સમાજોપયોગી થતાં અટકી.

યુવામાનસનું યથાર્થ શોધન કરીને તેને શુદ્ધ કરતા આ પ્રેમપ્રવાહમાં યુવાનો વહી રહ્યા, નિયમો હૈયે વસી રહ્યા.

તરલ અને સરલ પ્રેમનો સ્પર્શ

સ્વામીશ્રીમાં માતાની મમતા છે પણ માતા અને મહાત્મામાં ફેર છે.

માતામાં મહાવીરની કરુણા, બુદ્ધિની તિતિક્ષા, ઈસુનો પ્રેમ, ભગીરથની તપશ્ચર્યા અને રંતિદેવનો ત્યાગ હોય છે. સંતમાં પણ આ બધું જ હોય છે. ફર્ક

માતાનો પ્રેમ વ્યક્તિનિષ્ઠ છે. સંતનો પ્રેમ સમષ્ટિનિષ્ઠ છે. તેમાં મમતા અને સમતા બંને હોય છે. સંતના હેત પારકા અને પોતાના પરિમાણથી પર છે. તેમાં તો પારકાને પણ પોતાના કરી લેવાનું સત્ છે.

લંડનમાં સ્વામીશ્રી સાંજે ૫-૩૦ વાગ્યે મેવો ગ્રહણ કરતા હતા. અહીં રહેતા સત્સંગી કુટુંબના એક યુવાનને સત્સંગનો રંગ અડ્યો જ નહોતો. સ્વામીશ્રી તેને જોતાં જ બોલ્યા : 'કેમ નથી આવતો ?'

'આવીશ.'

'ક્યારે આવીશ ?'

'હવેથી.' વાર્તાલાપમાં સંતોએ વચ્ચે જ કહ્યું : 'બાપા, એ કલબમાં જાય છે.'

'દરરોજ જાય છે ?' સ્વામીશ્રીએ પૂછ્યું.

'ના. અઠવાડિયામાં પાંચ દિવસ.'

'રોજ કેટલો ખર્ચ કરે ?'

'દસ પાઉન્ડ.'

સામાન્ય વાતચીત દરમ્યાન પણ સ્વામીશ્રીના નિર્દોષ વશીકરણનાં કામણ તે યુવાન પર આસ્તે આસ્તે છવાઈ રહ્યાં હતાં. સ્વામીશ્રી તેને કહેવા લાગ્યા : 'દશ વર્ષ ત્યાં (કલબમાં) ગયો. હવે દશ વર્ષ અમને આપ. બંનેનો લાભ બૅલેન્સ કરી લે. દશ વર્ષમાં અહીં ફાયદો થાય તો આ રાખવાનું. નહીં તો મૂકી દેવાનું.'

તેણે અચકાતાં સ્વરે કહ્યું : 'ટ્રાય કરીશ.'

સ્વામીશ્રીએ તેને દઢતા સીંચતાં કહ્યું : 'ટ્રાય નહીં. કરીશ જ. તો તારા મધર પણ હેપી. અમે પણ હેપી. તું પણ હેપી થઈશ. આવવાનું હોં, એવરી ડે.!'

અલ્પ સહવાસ દરમ્યાન પણ સ્વામીશ્રીની હેતલ ગંગામાં તરબોળ એ યુવાન મંદિરે આવવા લાગ્યો.

સાચો પ્રેમ તરલ અને સરલ છે. તે તળિયે સ્પર્શે છે છતાં વ્યક્તિને ઊંચાઈ અર્પે છે. સરલ હોવાથી બધે જ મુક્ત રીતે ખચકાટ વગર વહે છે. સ્વામીશ્રીનો પ્રેમ આ કક્ષાનો છે. અન્યથા પ્રથમ મુલાકાતમાં જ આટલો આગ્રહ આત્મીયતા વિના શક્ય છે ખરો ? અને પ્રથમ પરિચયમાં જ આટલી આત્મીયતા પણ સંભવિત છે ખરી ?

ટોરોન્ટોમાં રાત્રે જમતાં વખતે સ્વામીશ્રી સામે બેઠેલા કિશોરોનો પરિચય

મેળવતા હતા. શ્વેતાંશુના વાળ હાલની અમેરિકન ફેશન પ્રમાણેના હતા. તે જોઈ સ્વામીશ્રીએ સાહજિક રીતે પૂછ્યું :

'આ ફેશન સારી છે ?'

'હા.'

'આવા વાળ કપાવવાના કેટલા ડૉલર આપે છે ?'

'જાતે જ કરું છું.'

'તો સારું' કહેતાં સ્વામીશ્રીએ પૂછ્યું : 'બહાર કેટલા લે ?'

'પંદર ડૉલર.'

સ્વામીશ્રી તે કિશોરને સહેજ પણ ટકોર કર્યા વગર અન્ય કિશોરોનો પરિચય મેળવા લાગ્યા. અંતે કેટલાક કિશોરોએ સદાચારના નિયમો લીધા. ત્યારે એકાએક શ્વેતાંશુ ઊભો થયો. સ્વામીશ્રીને કહે : 'હવે હું મારા વાળ સરખા કરાવીશ અને રોજ પૂજા કરીશ.'

વિલિયમ કોનગ્રેવ કહે છે : 'પ્રેમની સંભળાય એવી કોઈ ભાષા નથી.'

સાચો પ્રેમ બોલકણો હોતો નથી. નિર્દોષ માણસની કેફિયત બહુ લાંબી નથી હોતી. નેતાનું નિવેદન ઘણું લાંબું હોય છે. હકીકતે તો મૌનમાં જ પ્રેમનો લય હોય છે. આ મૌન મીંઢું નથી હોતું કે ભેદી નથી હોતું. આ મૌન હૃદયસ્પર્શી હોય છે.

આ હૃદયસ્પર્શી હેત જ શ્વેતાંશુને તરબોળ કરી ગયું, બળ આપી ગયું.

ફૂલ જેવું પ્રફુલ્લ ઋષિગાંભીર્ય

કોઈકે કહ્યું છે : 'જે રાહ જુએ તે માતા છે.' બાળકની પ્રતીક્ષામાં માતા તિતિક્ષાના આદર્શને પણ વળોટી જાય છે. મમતાનું આ વિશિષ્ટ સ્વરૂપદર્શન ગુણાતીત સંતમાં પણ દેખાય છે.

યુવકોને વૅકેશનના દિવસો શરૂ થાય ત્યારે ગોંડલ મંદિરના સભામંડપમાં યોગીબાપા કલાકો સુધી બેસી રહેતા, પોતાના માનસપુત્રોની વાટ જોતા. તેઓ કદી રાહ જોવામાં હાર પામ્યા નહોતા. એમની એ હેતહેલીમાં ભીંજાયેલી યુવાની તેમને વશ વર્તતી.

આજે સ્વામીશ્રીનાં હેતમાં પણ જોગીનો જાદુ અનુભવાય છે. પળપળની ગણતરી થતી હોય તેવી કટોકટીમાં પણ યુવાનોની વાટ જોતા સ્વામીશ્રીને

જોઈએ ત્યારે લાગે કે સ્વામીશ્રી પણ સૌને એ જ હેતના ચિન્મય ધોધમાં તન્મય કરી મમતાપૂર્વક નિયમોની બારાખડી ઘૂંટાવે છે.

લંડનથી પચ્ચીસ યુવકો યોગી શતાબ્દીના સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રૅક્ટિસ માટે ભારત આવ્યા હતા. આજે તેઓ અમદાવાદથી સારંગપુર સ્વામીશ્રીને મળવા આવી રહ્યા હતા. સ્વામીશ્રી તેઓની રાહ જોઈ બહાર હૉલમાં બિરાજ્યા. બાર વાગ્યે સૌ આવ્યા. વારાફરતી સૌને મળ્યા.

સૌને કહે : 'હાઉ આર યુ ? ચંદુ ! માળા કેમ ચાલે છે ?'

તે કહે : 'ઢીલી પડી ગઈ છે, સ્વામી !'

'ઢીલી ન પડવા દેવી. મંદિર કરવાનું છે !' સ્વામીશ્રીએ બળ આપ્યું અને નિયમ ઘૂંટાવ્યો. પોતાનું ભોજન ઠેલીને સમય આપનાર આ મહાપુરુષના વચનને યુવાન પણ કેવી રીતે ઠેલી શકે ?

સ્વામીશ્રી અમદાવાદ ઘણા દિવસથી હતા. પણ જયેશ પોન્ડા દેખાયો ન હતો. એના બાપુજીને જયેશને લઈ આવવા ખાસ સ્વામીશ્રીએ જ કહ્યું હતું. આજે એ આવ્યો હતો. સ્વામીશ્રીએ ધીરેથી પૂછ્યું : 'જયેશ ! કેમ દેખાતો નથી ? તારે આવી જવું. રવિવારે તો ખાસ આવવું...' સ્વામીશ્રીને મળીને બહાર આવેલા જયેશને જ્યારે ખબર પડી કે સભામાં જવાનું મોડું કરીને પણ સ્વામીશ્રી મારી રાહ જોઈ રહ્યા હતા ત્યારે તે ગદ્ગદિત થઈ ગયો.

અટલાદરામાં સાંજે પ્રસાદ જમતી વખતે મનુભાઈ એમના સુપુત્ર દિપેનને લઈને આવ્યા હતા. સ્વામીશ્રીએ એને ખાસ યાદ કર્યો હતો. સ્વામીશ્રી એને જોતાં જ કહે : 'આવી ગયો ? અહીં હોઈએ ત્યારે ખાસ આવી જવું. હવે કિશોરમંડળમાં પણ સક્રિય થવું. ધીમેધીમે રસ પડશે.'

અત્યંત વ્યસ્ત વિચરણ, અતિ ભરચક કાર્યક્રમો અને અવિરત ચાલતી મુલાકાતોની વણઝાર વચ્ચે પણ સ્વામીશ્રી જ્યારે ભક્તોને યાદ કરે ત્યારે સ્વામીશ્રીની આ અનાયાસ કૃપાનો અભિષેક સૌ નતમસ્તકે ઝીલી રહે છે અને નિયમપાલન માટે ઉત્સાહપૂર્વક પ્રયત્નશીલ બને છે.

૧૯૭૭માં સ્વામીશ્રી અમરાવતી (મહારાષ્ટ્ર) પધાર્યા હતા. તે વખતના યજમાન ફૂલાભાઈ સ્વામીશ્રીનાં દર્શન કરવા આવ્યા હતા. તેઓને જોતાં જ સ્વામીશ્રી તેમની ઓળખાણ આપતાં સંતોને કહેવા લાગ્યા : 'બોચાસણમાં ગિરધરભાઈ રહેતા. મંદિરનું કોરટ-કચેરીનું કામ કરે. એમનાં દીકરીના આ

દીકરા. સત્સંગ સારો.' એ અમરાવતીમાં એકલા જ સત્સંગી. એકલા હોવાથી રવિસભા બંધ થયેલી જાણી સ્વામીશ્રી કહે : 'જોગીબાપાની આજ્ઞા છે. બે જણ હોય તો બે પણ સભા કરવી.'

સાચી આત્મીયતા સ્મૃતિના ત્રાજવે તોળાય છે. મુલાકાત વખતે વાતવાતમાં વાહવાહ કરતાં, લળીલળીને નમતાં અને લાગણીની લાપસી પીરસતાં લોકો મુલાકાતીને ક્યારે ભૂલી જાય છે તે પણ ખબર પડતી નથી. સ્વામીશ્રીનું હેત આવું તકવાદી કે તકલાદી નથી. તેઓનું સુવર્ણમય શુદ્ધ હેત વર્ષો પછી પણ કટાતું નથી. ફૂલાભાઈને વર્ષો પછી પણ પરિચય અને આજ્ઞા યાદ કરાવી સત્સંગમાં સક્રિયતા અર્પી.

સાચા ગંભીર માણસો આનંદમાં રમમાણ હોય છે. કેવળ મોઢાના ગંભીર માણસો આનંદમાં મોભાનો ભંગ જુએ છે. જે આનંદમાં રહે તે જ ગાંભીર્ય પચાવી શકે. ગાંધી ખૂબ ગંભીર હતા છતાં કહેતા કે હું આટલો હસી શકતો ન હોત, તો મેં આપઘાત કર્યો હોત. ગંભીર માણસો ખરા ગંભીર છે કે પોકળ તેની ખબર બાળકો લ્યે છે. તેની પાસે બાળકને જવું ગમે છે ? તેની હાજરીમાં બાળકને કેમ લાગે છે ? તેમાં ગાંભીર્યની કસોટી છે.

સ્વામીશ્રીનું ઋષિગાંભીર્ય ફૂલ જેવું પ્રફુલ્લ અને બાળક જેવું જ હળવું છે.

ગળથૂથીમાં નિયમપાલનના ઘૂંટ

નિયમ પાલનના આગ્રહ માટે આ વનમાળીએ વહાવેલો પરસેવો આજે હજારો બાળપુષ્પોમાં સુગંધ બનીને મહોરી રહ્યો છે.

લંડનમાં એકાદશીને દિવસે ફલાહાર કરતી વખતે સ્વામીશ્રી સામે દર્શન નામનો નાનકડો બાળક બેઠો હતો. સ્વામીશ્રીએ તેને પૂછ્યું : 'આજે તેં શું ખાધું હતું ?'

'રોટલી ને શાક.' એણે નિખાલસતાથી કહી દીધું. સ્વામીશ્રી તેને સમજ આપતાં કહે : 'એકાદશીને દિવસે આપણાથી તે ન ખવાય.' દર્શનની પાસે બેઠેલા, એની જ ઉંમરના, પાંચેક વર્ષના અંબરીષને પણ સ્વામીશ્રીએ પૂછ્યું. એ પણ એ જ નાતનો હતો. અંબરીષને પણ સ્વામીશ્રી કહે : 'આપણે રોટલી ન ખવાય.'

'એટલે... એકલું શાક જ ખાવાનું ને આવું જ ખવાય ?' તેણે નિર્દોષતાથી

સ્વામીશ્રી કહે : 'હં. બસ એ જ ખાવાનું.' બાળપણથી જ શાસ્ત્રપ્રણાલી પ્રમાણે સ્વામીશ્રી બાળકોને કેળવે છે.

વિદ્યાનગરમાં સાંજે પ્રસાદ જમતી વખતે બે બાળકો જનક અને મહેન્દ્ર બેઠા હતા. સ્વામીશ્રીએ બંનેને પ્રસાદી આપી. પછી જનકને કહે : 'આજે તેં શું ખાધું હતું ?'

'દાળ-ભાત-રોટલી.'

સ્વામીશ્રી બાળકની જેમ જ દલીલ કરીને પ્રેરણા આપતાં કહે : 'તો તો લાય પ્રસાદ પાછો. એકાદશીએ અનાજ ખવાય ? ગયા વખતે પણ તને કહેલું ને ? મમ્મી ન આપે તો અહીં આવવાનું. પણ એકાદશી તો કરવી જ.'

સ્વામીશ્રી વેલિંગબરોમાં હતા. પૂજા પછી વ્યક્તિગત દર્શન માટે હરિભક્તો આવતા હતા. ચાર-પાંચ વર્ષનો મિલન સ્વામીશ્રી પાસે ઊભો રહી ગયો.

'બાપા ! તમે કેટલી માળા કરી ?' સ્વામીશ્રી તેને અમીભરી આંખે જોઈ રહ્યા. અને બોલ્યા : 'અમે તો અખંડ કરીએ છીએ. તું કેટલી કરે છે ? બે કરજે.' સ્વામીશ્રીએ તેની જિજ્ઞાસા આજ્ઞા આપીને સંતોષી.

સ્વામીશ્રી બેંગ્લોરમાં હતા. સવારના ઉકાળા-પાણી થઈ રહ્યા હતા. સામે અનંત બેઠો હતો. સ્વામીશ્રી કહે : 'તું પંડિત જેવો જ લાગે છે પણ છોકરાઓની જેમ સવારે શ્લોક બોલ્યો નહીં.' (સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં બાળકોએ શ્લોકગાન કર્યું હતું તે સંદર્ભમાં)

સ્વામીશ્રીનો ઈશારો મળતાં જ તેણે શરૂ કર્યું : 'મનોજવં મારુતતુલ્ય વેગં...'

સ્વામીશ્રી કહે : 'અર્થ આવડે છે ? મનોજવં એટલે શું'

'મન જેવા વેગવાળો.' અનંતે જવાબ આપ્યો.

'બરાબર છે. બધા કરતાં મનનો વેગ વધારે છે. અહીં બેઠાં બેઠાં ક્યાંય પહોંચી જાય. હનુમાનજીને એવો વેગ હતો. આપણેય એવો વેગ ભગવાનની આજ્ઞા પાળવામાં રાખવો. દુનિયામાં, નાટકચેટક કે સિનેમામાં નહીં...' પછી તો જિતેન્દ્રિયમ્... બુદ્ધિમતાં વરિષ્ઠમ્... એમ શ્લોકના પ્રત્યેક ચરણે સ્વામીશ્રી અનુરટણ કરતાં અનંતને અનુસરણના પાઠ શીખવતા ગયા. એક બાળકને અધ્યાત્મના આંક શીખવતા સ્વામીશ્રીને પોતાનો અલ્પાહાર પણ ગૌણ થઈ ગયો હતો.

પોતાની અસીમ હેતધારામાં ભીંજવતાં સ્વામીશ્રી ગળથૂથીમાંથી જ

નિયમપાલનના ઘૂંટ બાળકોને પીવડાવી રહ્યા છે. આમ તો આ ઘૂંટ પીવા કડવા છે પણ સ્વામીશ્રીની મમતાનું ગળચટ્ટું ક્લેવર કડવાશને દૂર કરી નાંખે છે. સ્વામીશ્રીની બાળસહજ હળવાશ બાળકોને નિયમોના ભાર તળે દટાવા દેતી નથી. બાળક હોય કે વૃદ્ધ, વડીલ હોય કે યુવાન-પ્રત્યેકને પ્રેમના તંતથી બાંધીને નિયમોમાં સુદૃઢ રાખતા આ સંતને જોઈએ છીએ ત્યારે લાગે છે કે Every heart responds to tender love. પ્રત્યેક હૃદય પ્રેમને પ્રતિસાદ અને પ્રતિભાવ આપે જ છે.

કોઈપણ પ્રકારના હેતુ વિનાનું, કેવળ અન્યના હિત માટે જ વરસતું સ્વામીશ્રીનું હેત, તેઓના નિયમ-આગ્રહનો અનોખો આયામ છે. તેને કારણે જ નિયમ આપ્યા બાદ વ્યક્તિ ભૂલ કરે ત્યારે પણ સ્વામીશ્રીને તેનું ભલું કરવાની જ ભાવના રહે છે.

સ્વામીશ્રી બોચાસણમાં બિરાજમાન હતા. જમ્યા બાદ પૂરણપોળીની ચોકીઓ મૂકવામાં આવી. બધા સંતોને સ્વામીશ્રીએ વારાફરતી બોલાવ્યા. દરેકને પૂરણપોળી આપી. ત્યાં જ પંગત કરાવી. બીજું બધું પણ પીરસાવ્યું. વિશેષ વ્રતવાળા સંતોને પણ પીરસાવીને સ્વામીશ્રી ઊભા થયા.

સંતો કહે : 'વરસાદ વરસાવજો પાછા.'

સ્વામીશ્રી કહે : 'તમે પહેલાં જમો તો ખરા.' સંતોએ જમવાનું શરૂ કરી દીધું અને સ્વામીશ્રીએ કહ્યું : 'લ્યો એમનેમ જમવા માંડ્યા ! શ્રીમદ્... શ્લોક બોલ્યા... ?'

જમવાનું અડધું પૂરું થયું હતું ને સ્વામીશ્રીએ શ્લોક બોલાવ્યો. રોજ ઘૂંટાતો નિયમ પણ ભુલાયો છતાં સ્વામીશ્રીએ મમતાપૂર્વક, હળવાશથી તેને દૃઢાવ્યો. પ્રેમપૂર્વક આબાલવૃદ્ધ સૌને નિયમપાલનની શીખ આપતા સ્વામીશ્રીને જોઈએ ત્યારે ટાગોરની એક પંક્તિ કાયમ યાદ આવે છે : 'એવા માણસોને મારી છેલ્લી સલામો છે, જેઓ હું અપૂર્ણ છું એમ જાણે છે છતાંય મને ચાહે છે.'

સ્વામીશ્રી આવા પુરુષ છે. એમના પ્રેમનું પોત સઘન છે, પાતળું નથી.

* * *

૨. અસ્મિતાનાં આંજણ

ઈ.સ. ૧૮૯૪માં દક્ષિણ આફ્રિકામાં નાતાલ સરકારે ટ્રેડ લાઈસન્સિંગ એક્ટ પસાર કર્યો : એશિયન્સ લાઈસન્સ વગર વેપાર કરી શકે નહીં. ગાંધીજીએ ગુજરાતીઓને ભેગા કરીને આંદોલન માટે આહ્‌વાન આપ્યું. પણ દરેક ગુજરાતી (એશિયન) ખાનગીમાં લાગવગવાળાઓને લાંચ આપીને પોતાનું કામ કઢાવવા લાગ્યો. ગાંધીજી દુ:ખી-દુ:ખી થઈ ગયા. સૈકા પહેલાં તેમણે ગુજરાતીઓ વિષે અભિપ્રાય આપ્યો : જો આપણે કીડાની જેમ વર્તીએ અને કચડાઈ જઈએ તો એમાં દોષ કોનો કાઢીએ ?

આ વિધાનનો લક્ષ્યાર્થ એટલો જ છે કે વ્યક્તિમાં જ્યાં સુધી અસ્મિતા પ્રગટતી નથી ત્યાં સુધી વ્યક્તિ કીડા જેવો બની રહે છે; કાર્યશક્તિ કચડાય છે પરંતુ જ્યારે અસ્મિતા પ્રગટે ત્યારે તે કીડામાંથી કેસરી સિંહ બને છે; કાર્યશક્તિ બેવડાય છે.

એક વખત એક ગુલામે તેના માલિકને ફરિયાદ કરી : 'તમારા માણસો રોજ મને હંટરથી ફટકારે છે. મારો તે સામે કોઈ વાંધો નથી. પણ એ હંટર જે તેલમાં બોળે છે તે ખોરું હોય છે.' ગુલામને તરત જ મુક્ત કરવામાં આવ્યો.

ગુલામની અસ્મિતા પણ આટલી બળવત્તર હોય છે.

ગુલામ ભારતીય પ્રજામાં ગાંધીજીએ એવી અસ્મિતા પ્રગટ કરી કે અંગ્રેજ સલ્તનતના પાયા હચમચી ગયા. જ્યારે આજે ? ભારતની મહાનતાનાં સૂત્રો પોકારનારાઓનો આ દેશમાં સુકાળ છે. છતાં એ ગરિમા પ્રત્યેક નાગરિકના રગરગમાં કેમ પ્રગટતી નથી ? કારણ એ છે કે સૂત્રોના પોકાર પોકળ છે.

પોકારનાર ખાલીપાથી ભરેલો છે. ગળું ફૂલાવીને હિન્દુત્વના નારા લગાવનારાઓની આ દેશમાં ખોટ નથી. છતાં હિન્દુ સમાજ કેમ જાગતો નથી ? કારણ એ છે કે એ નારા લગાવનારાઓમાં જ હિન્દુત્વની અસ્મિતાનું અં ઝળકતું નથી.

તાજેતરમાં જ એક પુસ્તક પ્રકાશિત થયું છે : 'Ten ways to say no to drug.' આ પુસ્તકમાં મનુષ્ય વ્યસની કેમ બને છે તેનું એક કારણ આપવામાં આવ્યું છે અને એ છે : મનુષ્યના જીવનમાં આત્મગૌરવ (Self esteem) નથી. અસ્મિતાનું ઓજસ્ વ્યક્તિને વ્યસનોથી બચાવે છે. અને તે જ નિયમો પાળવાનું બળ પણ આપે છે.

સ્વામીશ્રીને આ અભિગમની આગવી હૈયા સૂઝ છે. એટલે જ તેઓ નિયમ પાલનના આગ્રહ વખતે અસ્મિતાનાં આંજણ આંજે છે.

પંદરમી વિદેશયાત્રા દરમ્યાન લંડનમાં એક યુવાનનું કોરું કપાળ જોતાં સ્વામીશ્રીએ જે વાણી વહાવી હતી તેમાં તેમનો આ મનોવૈજ્ઞાનિક અભિગમ તદ્દન સ્પષ્ટ થઈ જાય છે. પ્રાતઃપૂજા બાદ ઉતારે પધારતાં જ સ્વામીશ્રીએ તેને સંબોધતાં કહ્યું : '... કપાળ ઊંચું કર. કશું નથી ! સાવ ખાલી. લગ્ન કરવા ગયો ત્યાં મોઢું ધરી દીધું. ચાંદલો થયો તે સાસુને રાજી કરી લીધાં. તમારી દીકરી આપી તે તમને ધન્યવાદ ! અને ભગવાને જન્મ આપ્યો, સુખ આપ્યું તેનો ચાંદલો કરવામાં પાછું પડવાનું ? ભગવાનની પ્રાર્થના કરવી, માળા કરવી, ચાંદલો કરવો, સત્સંગ કરવો તેમાં શરમ શું ? સત્સંગ છે, ધર્મ છે તે આપણને ખોટું કરતાં અટકાવે. લોકો કહે : તિલક-ચાંદલાવાળો અહીં ક્યાંથી આવ્યો ? કેટલાક ભૂંસીને જાય. ભલા માણસ, ભૂંસશ શું કામ ? ભગવાનને રાજી કરવા માટે છે. ભજન કરવું, કથાવાર્તા કરવી. સત્સંગ કરવામાં શરમ ન રાખવી. નિધડક રહેવું. અને કહેવું 'અમે સ્વામિનારાયણના છીએ.' આ લોકોએ (બ્રિટિશરોએ) ૧૫૦ વર્ષ રાજ્ય કર્યું પણ પોતાની રીતભાત કે બીજું બધું કાંઈ મૂક્યું નથી. માટે કોઈ કંઈ કહી જાય તો રાજી થવું. અને છાતી કાઢીને કહેવું, 'અમે સ્વામિનારાયણ !' યોગીજી મહારાજનો આશરો થયો. ઉત્સાહ ને કેફ વાત કરવામાં રાખવો. ને નિયમ-ધર્મ દૃઢ રાખવા.' સ્વામીશ્રીએ આંજેલાં અસ્મિતાનાં આ આંજણે તે યુવાનને સાંપ્રદાયિક અને સાંસ્કૃતિક ગરિમાનાં દર્શન કરાવ્યાં. તે યુવાન કંઈક નવા જ ઉત્સાહ સાથે તિલક-ચાંદલો કરવા માટે પ્રતિજ્ઞાબદ્ધ થયો.

શ્રાન્ત ને કલાન્ત શરીર હોવા છતાં પણ સ્વામીશ્રીની વાણી જડમાં પણ જીવન પ્રગટાવે તેવું દૈવત દાખવે છે. અસ્મિતાની અક્ષર-આરાધના વખતે સ્વામીશ્રીની વાણીમાં અદ્‌ભુત જોમ અને તેજ પ્રગટે છે. આ તેજપુંજ ભક્તહૃદયના કણકણમાં પ્રસરી તેને અસ્મિતાનાં ઓજસ્‌થી ઝળાંહળાં કરી દે છે ત્યારે તે બમણા કેફથી નિયમપાલન માટે તત્પર થઈ જાય છે.

મદ્રાસ હવાઈમથક પર મળેલી નવરાશમાં હળવાશથી સ્વામીશ્રી યુવાનોને અસ્મિતાની બારાખડી ઘૂંટાવતાં બોલ્યા હતા : 'આપણને પશ્ચિમનો વાયરો લાગ્યો છે. એટલે ભગવાનના આદેશ પ્રમાણે જીવન જીવવું જોઈએ એવું રહ્યું નથી. આપણું જીવન ધર્મ પ્રમાણે હોવું જોઈએ. આપણો દેશ, સમાજ અને ધર્મની અસ્મિતા હોવી જોઈએ. ખ્રિસ્તી હોય તો તરત જ કહી દે કે આઈ એમ ક્રિશ્ચિયન. જ્યારે આપણે તો હિંદુ જ મટી ગયા. આપણે એવું નથી કરવું. બળ રાખજો.'

લંડનમાં એકવાર શિરસાટે ધર્મનિયમ પાળવાનો અનુરોધ કરતાં સ્વામીશ્રીએ કહ્યું હતું : 'શિરને સાટે શ્વાસોચ્છ્‌વાસે સુંદરવર સંભારીએ... શિર જાય તો ભલે જાય પણ જોગી મહારાજ સિવાય બીજે ન જવાય. ગમે ત્યાં જઈએ પણ કહીએ કે અમે હિન્દુ છીએ; સ્વામિનારાયણ છીએ ને આ અમારા ગુરુ છે. આત્મારૂપ મનાય તો જ આ બોલાય. બાકી બીક લાગે.'

સંસ્કૃતિની અસ્મિતાનાં પુષ્પ જ્યારે યુવાન હૃદયમાં ખીલવા લાગે છે ત્યારે સદ્‌ગુણોની સૌરભનું જતન કરવાની તેમની શક્તિ બેવડાય છે. સ્વામીશ્રી આથી જ નિયમો પળાવવાની બાબતે આ દૃષ્ટિકોણ પર યોગ્ય સમયે ભાર મૂકે છે.

'દુરિજનિયાની ધડક ન મનમાં ધારીએ'

પોતે જેવા છે તેવું રહેવું અને જીવનને ધરાઈને માણવું એ માણસ માટે દોહ્યલું બની ગયું છે. 'લોકો શું કહેશે ?' એ આજની ગુલામીના કાવ્યનું ધ્રુવપદ બની ગયું છે. વ્યક્તિની પ્રતિષ્ઠાનું ક્ષેત્રફળ જેમ વધે તેમ તેના સ્વરાજ્યનું ઘનફળ ઘટતું જાય છે. જે બે-ચાર માણસ પોતાને ઓળખે છે તેની આગળ પોતે કેવો દેખાશે તે વિચારે માનવી સારું અને સાચું પણ આચરી શકતો નથી. ઘણા માણસો 'નહિ જઈએ તો ખરાબ લાગશે' એમ વિચારીને સ્નેહીની ખબર કાઢવા, લગ્નમાં, સ્મશાનમાં જાય છે. ફળનાગર્ભને બદલે છાલનું જતન જીવનભર થતું રહે છે. ભક્તો પણ જ્યારે આવા ગાડરિયા પ્રવાહમાં ભળે છે

ત્યારે સ્વામીશ્રી રખવાળાની દૃષ્ટિથી ઊભા રહી તેમને ફળનું જતન કરતાં શીખવે છે. સ્વામીશ્રીએ પ્રગટાવેલી અસ્મિતાની તેજસ્વી મશાલ ભક્તોને ચેતનાથી ભરી દે છે જે પછી લોકાભિપ્રાયોના સૂસવાટાથી પણ બુઝાતી નથી.

એક વાર સ્વામીશ્રી ગોંડલમાં હતા. તે વખતે લંડન મંડળના પ્રમુખ સી.એમ. પટેલનો ફોન આવ્યો. મંદિરના બાંધકામમાં નડતી મુશ્કેલીઓના સંદર્ભમાં તેમણે સ્વામીશ્રીને કહ્યું : 'આપ ભગવાનને કહો...'

સ્વામીશ્રી કહે : 'તમે મને કહો છો ને હું સાંભળું છું ને ત્યાં કહું છું કે વહેલી તકે સી. એમ. પટેલની વાત સાંભળો... ને ત્યાં જે તિલક-ચાંદલો ન કરતા હોય એમને કહેજો કે મંદિર કરવું હોય તો શરમાયે નહીં ચાલે.' ગગનચુંબતા મંદિરનો પાયો સ્વામીશ્રીને મન તો નિયમબદ્ધ અને નિષ્ઠાવાન સત્સંગી જ છે. ટૂંકી વાતચીતમાં પણ સ્વામીશ્રીએ પોતાનો આગ્રહ અને અભિપ્રાય જણાવી દીધો.

લંડનમાં પ્રાતઃપૂજા બાદ 'હરિગુણ ગાતાં દુરજનિયાનો ધડક ન મનમાં ધારીએ' એ કીર્તનના નિરૂપણ દરમ્યાન અસ્મિતાના મર્મને આત્મસાત્ કરાવતાં સ્વામીશ્રીએ કહેલું : 'હરિગુણ ગાતાં દુરજનિયાનો ધડક ન રાખવો. તો ભલે ગમે તેમ બોલે પણ મનમાં ક્ષોભ ન રાખવો. કોઈ કહે મંદિરમાં શું ગયા ? ભગતડા ! અમને પણ કહે છે, મહારાજના સંતોને પણ મુંડિયા કહેતા અને ગામમાંથી બહાર કાઢતા, મશ્કરી કરતા... માટે આપણે ધડક ન રાખવો. આત્મકલ્યાણ માટે સત્સંગ કરીએ છીએ તો છાતી કાઢીને સત્સંગ કરવો. કેટલીક વખત પૂજા કરવામાં બીક લાગે. કોઈ જોઈ જશે તો શું કહેશે ? તિલક-ચાંદલો કરતાં પણ બીક લાગે છે હજુ. આપણે મંદિરનાં પગથિયાં ઘસી નાખ્યાં ને વાતો પણ ઘણી સાંભળી. લગ્નમાં કેમ તરત જ માથું ધરી દઈએ છીએ ! લૌકિક સંબંધોમાં વાંધો નથી તો આ ભગવાન સાથેનો સંબંધ છે ! વેપાર, ધંધા, મકાન કોઈને ન ગમે તો શું કાઢી નાખીએ છીએ ? નરસિંહ અને મીરાંએ છડેચોક ગાયું. લાજ રાખવી ભગવાનના હાથમાં છે...'

ભૌતિકવાદના વિષમ વાયરાઓએ આજે સદાચારની સંગીન દીવાલોને જર્જરિત કરી દીધી છે. જમાનો એવો આવ્યો છે કે જેમાં નાસ્તિક ગૌરવભેર ચાલી શકે છે અને આસ્તિક ભીરુતાથી જીવી રહ્યો છે. આવા સમયે સ્વામીશ્રી ભક્તોને અસ્મિતાના અમૃતઘૂંટ પીવડાવી તેમને આત્મગૌરવ બક્ષે છે અને

નિયમપાલન કરાવે છે.

વૈશ્વિક મહાસત્તા સમા અમેરિકાની કોર્ટમાં કેસ જીતીને તિલક-ચાંદલા સહિત લશ્કરી નોકરી કરનાર પ્રકાશ મહેતા કે ધર્માંધ મુસ્લિમો સામે પણ ટક્કર ઝીલી આરબ રાષ્ટ્રમાં પણ નિત્યપૂજાનો નિયમ પાળનાર ઉદ્યોગપતિ મનુભાઈ કે દારૂ ન પીવાની પ્રતિજ્ઞાને કારણે લગ્નને પણ ઠુકરાવવા તૈયાર થયેલ લંડનસ્થિત જયેશ પટેલ અને હરીશ પટેલ જેવા ભક્તોને જોઈએ ત્યારે લાગે છે કે સ્વામીશ્રીએ પાયેલા અસ્મિતાના આ ઘૂંટ તેઓની રગરગમાં પ્રવર્તી ગયા છે.

ભલભલા ત્યાગવૈરાગ્યને પણ ગ્રસી જાય એવી વિલાસિતામાં પણ હરિભક્તો નિર્જળા એકાદશી કરે, નિયમ બહારનું ખાય નહીં, નિત્યપૂજા અને તિલક-ચાંદલો નિયમિત કરે, કેટકેટલી લોભામણી ચેનલોને ઠોકર મારી ટી.વી.ને મુખવટો આપે, માઈલોનાં અંતર કાપી રવિસભામાં જાય અને ચેષ્ટાગાન મૂકાય ત્યારે ઉપવાસ કરે... આ બધું જોઇએ ત્યારે સ્વામીશ્રીએ અપનાવેલા આ મનોવૈજ્ઞાનિક અભિગમની સાર્થકતા અનુભવાય છે.

કાકા કાલેલકરે ક્યાંક કહ્યું છે : ભગવાનને પાછળ જોવામાં રસ નથી. જો એમ હોત તો તેમણે આપણને આંખો પાછળ આપી હોત. આ વાત સત્ય હોય તો પણ ભવ્ય ભૂતકાળ ભવિષ્યના પથ પર અસ્મિતાનાં અજવાળાં પાથરતો હોય છે તે વાત નકારી શકાય તેમ નથી. ભૂતકાળમાં યુદ્ધ વખતે લડવૈયાઓના પૂર્વસુરિઓની શૂરવીરતાનાં ગીતો ગાવામાં આવતા. તે સાંભળતાં જ યોદ્ધાઓમાં અસ્મિતાની ભરતી ચઢતી અને તે વિજયને વરવામાં પણ કામિયાબ નીવડતા.

નિયમપાલનના આગ્રહ વખતે અસ્મિતા દઢાવવાનો આ આયામ પણ સ્વામીશ્રી સારી રીતે પ્રયોજી શકે છે. સત્સંગના માર્ગેથી સંગદોષને કારણે ફંટાયેલા આશ્રિતોને સ્વામીશ્રી તેઓના પૂર્વજોના સત્સંગની વાતો દઢાવી પુનઃ આ માર્ગે વાળે છે.

ખાનદેશ (મહારાષ્ટ્રનો અંતરિયાળ પ્રદેશ) ના સત્સંગની ગંગોત્રી કહો કે જમનોત્રી કહો તેવું ગામ એટલે મહારાષ્ટ્રનું વરખેડા. શાસ્ત્રીજી મહારાજ અને નિર્ગુણદાસ સ્વામી અહીં ઘણી વાર પધારેલા અને સત્સંગ કરાવેલો. અહીંના હરિભક્તો પણ ઘણી અગવડો વેઠી શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કરવા ઠેઠ

ગુજરાત પહોંચતા, પરંતુ નવી પેઢી સાથેના સંપર્કમાં ઓટ આવવાથી હરિભક્તોનું ગુજરાતનાં મંદિરોમાં દર્શને આવવાનું ઓછું થઈ ગયું હતું. એક વાર સ્વામીશ્રી ત્યાં પધાર્યા હતા ત્યારે બધાને સત્સંગની દઢતા કરાવતાં કહ્યું : 'તમારા વડીલો દોલત પાટીલ, ગજમલ વગેરે દર વર્ષે મંદિરોમાં આવતા હોય એમ તમે પણ આવતા થઈ જાઓ. તમારું જોઈને તમારા છોકરા પણ આવશે. એ બધાને ખબર પડવી જોઈએ ને કે આપણાં ગુરુસ્થાનો આવાં છે. પછી ધીરે ધીરે હેત થાય ને સત્સંગ દઢ થાય... તમારા બાપુજી જેવો સત્સંગ દઢ થાય તે જોવાનું...'

સ્વામીશ્રી બોલ્યા : 'આપણો આ વારસો બરાબર સાચવવો. આપણો વારસો ? યોગીજી મહારાજ કહેતા : ... શાસ્ત્રીજી મહારાજનો સંબંધ થયો તે તમે સૌ ચક્રવર્તીના રાજકુમારો છો. શહેરમાં રહો છો પણ સનકાદિક જેવા છો. તમે ગુણાતીત વંશના છો...' એ અલગારી ઓલિયાના અવધૂતી અસબાબમાંથી ફોરમતા આ શબ્દો આપણને કહે છે - આપણો વારસો ગુણાતીતનો છે. અને ગુણાતીત એટલે ?

'કાહાર ચરિત્ર ઘેરી સુકઠિન ધર્મેર નિયમ;
ધરે છે સુંદર કાંતિ માણિક્યેર અંગદેર મત.'

જેના જીવનને ઘેરીને ધર્મનાં અત્યંત કઠિન નિયમો રહેલા છે, પણ એ નિયમો એને કુંઠિત કરવાને બદલે માણેકના બાજુબંધની જેમ સુંદર શોભી ઊઠ્યા છે-તે ગુણાતીત સંત. આપણે સૌ તેઓનાં સંતાન છીએ. તો આવો, આપણે પણ ગુણાતીત અસ્મિતાને અસ્તિત્વમાં ઓગાળીએ અને નિયમપાલન માટે કૃતસંકલ્પ થઈએ જેથી આપણું અસ્તિત્વ ઉત્સવ બની રહે, જીવન શોભી ઊઠે...

* * *

૩. પરિપોષકનાં પ્રોત્સાહન પીયૂષ

આઈન રેન્ડનું એક પુસ્તક છે : 'ધ ન્યૂ લેફ્ટ : ધ એન્ટિ ઈન્ડસ્ટ્રીયલ રેવોલ્યુશન.' એમાં એક પ્રકરણનું મથાળું છે. 'The age of envy.' આઈન રેન્ડ કહે છે કે પશ્ચિમની સંસ્કૃતિમાં એક હતો વિચારશક્તિનો યુગ (The age of reason) અને એક હતો પ્રજ્ઞાનો યુગ (The age of enlightenment) લેખિકા આગળ કહે છે કે આજનો યુગ એ ઈર્ષ્યાયુગ છે.

શેરીએ શેરીએ, શાળાઓ તથા કોલેજોમાં, ઑફિસોમાં અને અદાલતોમાં ઈર્ષ્યાયુગ અટવાતો ફરે છે. એક વાર બે માણસોને ક્રોસ પર લટકાવવામાં આવ્યા. જ્યારે એક માણસે બીજા માણસને પોતાનાથી ઊંચા ક્રોસ પર લટકતો જોયો ત્યારે જીવનની છેલ્લી ક્ષણોમાં એ ઈર્ષ્યાથી બળી મર્યો !

ઈર્ષ્યા એ માનનું ફરજંદ છે. વ્યક્તિની તમામ પ્રવૃત્તિ અહમ્‌ની આસપાસ ફીણફીણ થઈને વેરાતી હોય છે પણ અહમ્‌ને મોઢે ફીણ નથી વળતા. અહમ્‌માં અટવાતી વ્યક્તિને બીજાની પ્રશંસા કરવા માટે ઝાઝો સંઘર્ષ કરવો પડે. રંગ-અંધાપો હોય તેવા માણસને મેઘધનુષના બધા રંગો નથી દેખાતા. અંધાપો માત્ર આંખની જ મર્યાદા છે - એવી ગેરસમજના મૂળમાં દર્શન એ માત્ર આંખનો જ વિષય છે એવો વહેમ રહેલો જણાય છે. છતી આંખે ક્યારેક આપણને કોઈ વ્યક્તિના ગુણ નથી દેખાતા અને આંખ બંધ રાખીએ તોય એના નાનામાં નાના દોષો સ્પષ્ટ દેખાય છે. કોઈકને મૂલવતી વખતે આપણે કાજીની દક્ષતા પ્રાપ્ત કરી શકીએ છીએ પણ તેની જ પ્રશંસા કરીને પ્રોત્સાહન આપવામાં આપણા મોંમાં કણ ભરાઈ જાય છે, જીભ ઝલાઈ જાય છે.

ગુણાતીત સત્પુરુષ આ જનસમૂહમાં અપવાદરૂપ છે. તેઓ અહંશૂન્ય છે. તેમના અંતરમાં મત્સરનો મેખ હોતો નથી એટલે જે કંઈ સારું દેખાય તેને તેઓ સચ્ચાઈથી પ્રશંસી શકે છે.

શ્રીજીમહારાજ પોતાની પ્રકૃતિ વર્ણવતાં કહે છે : '... અમારે યોગે કરીને આ બાઈ-ભાઈ પરમહંસ રાજીપે બેઠા ભગવદ્ભક્તિ કરે છે તેને દેખીને મનમાં બહુ રાજીપો થાય છે. જે મરી તો સર્વેને જવાનું છે પણ આવી રીતે ભક્તિ કરવીતે જ જીવ્યાનો મોટો લાભ છે...' (વચ. ગ.અં. ૩૦)

જે સંત [illegible] જણાવતાં શ્રીજીમહારાજ કહે છે : '... ભગવાનની એકાંતિક ભક્તિ તેને પોતે કરતા હોય અને એ ભગવાનનું નામ-સ્મરણ ને કથાકીર્તનાદિક તેને કોઈ કરતું હોય તેને દેખીને મનમાં બહુ રાજી થાય...' (વ.ગ.અં. ૩૫)

[illegible]

[illegible] સંપ્રદાયના પારિભાષિક શબ્દો અને સાંપ્રદાયિક શબ્દોથી અપરિચિત વ્યક્તિ માટે [illegible] સ્વાભાવિક છે. પરંતુ તેમના [illegible] ગ્રંથવાંચનમાંથી [illegible], [illegible] સ્વામીશ્રીએ કેમ [illegible]? [illegible] સ્વામીશ્રી તેમને [illegible] કહે [illegible] વાંચતા રહીએ [illegible] શુદ્ધિનું [illegible] કાર્યક્રમના [illegible] કર્યા [illegible] આ [illegible] ટી.વી. [illegible] સ્વામીશ્રીએ [illegible] સ્વામીશ્રી [illegible] સ્વામીશ્રી તેમને કહે [illegible] પરંતુ તેઓ [illegible] સ્વામીશ્રીની વાત સાંભળી તેઓ પોતાની ભૂલ બદલ [illegible] સ્વામીશ્રી તેમના મનોભાવ સમજી તેમને આશ્વાસન અને ઉત્સાહ આપતાં કહે [illegible] સત્સંગ [illegible] પણ [illegible] રવિસભામાં આવવાનો નિયમ પાકો રાખજો.' પોતાની ભૂલ બદલ કોઈપણ પ્રકારની ખફગી નહીં, કોઈ પ્રકારનો ઉકળાટ તો નહીં પરંતુ સામે [illegible] વાક્યોથી પેલા ભાઈ તો આશ્ચર્યમાં પડી ગયા. રવિસભાનો નિયમ વિરલ સ્મૃતિ સાથે તેમના આચારનો ભાગ બની ગયો. ભૂલને છેક જ ભૂલી જઈને, ભૂલના ખેદનો છેદ ઉડાડીને, ભૂલમાંથી પણ ભલું શોધીને સ્વામીશ્રી તેઓને નિયમની દૃઢતા કરાવી ગયા. સ્વામીશ્રીની આ અનોખી શૈલી છે.

વ્યવહારુતાનાં સમીકરણો

સાંપ્રતકાળમાં વકરેલા આધુનિકીકરણે અધ્યાત્મના આયુષ્યને [illegible] કરી [illegible] દીધું છે. અધ્યાત્મને અસ્તિત્વ ટકાવી રાખવા માટે [illegible] સમાધાન (Compromising) કરવું જ પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે. [illegible] ટી.વી. [illegible] પ્રસારિત થયેલી આ [illegible] કેટલાક સત્સંગીઓની દૃઢતાને પણ કસોટીની સરાણે [illegible] ચઢાવી દીધી હતી. [illegible] સમયને પણ બદલવાની જરૂર

પડી. સભા પર બીજું આક્રમણ વેપાર-રોજગારનું છે. ભાલ અને કાઠિયાવાડમાં હીરા બજાર તેજીથી ધમધમી રહ્યું છે. તેને કારણે અઠવાડિક સત્સંગ સભા પર પણ અસર થાય તેવી પરિસ્થિતિ ઘણી જગ્યાએ સર્જાઈ છે. પરંતુ વ્યવસાય અને સત્સંગ વચ્ચેનો મધ્યમ માર્ગ શોધીને સ્વામીશ્રીની આજ્ઞા પાળતાં કંથારિયા મંડળના સંચાલકે એક વાર સ્વામીશ્રીને વાત કરી : 'અમારા ગામમાં સૌ મંદિરમાં સભા કરવા આવતા નથી. પણ અમે વચલો માર્ગ કાઢ્યો છે અને હીરાઘંટીઓમાં સભા કરીએ છીએ.' વિઘ્નો વચાળે પણ વિજયને વરતા ખમી પ્રશંસા કરીને સ્વામીશ્રી કહે : 'તમે આ દૃઢતા રાખો છો તે સારું છે પણ મહિને એકાદવાર તો મંદિરે લઈ જ જવા. મંદિરના હેવાયા કરવા.' હીરાઘંટીમાં સભા કરવી તો સારી જ છે પણ સાથે સાથે યાદ રાખવું ઘટે કે હીરાઘંટી ક્યારેય પણ મંદિરની ગરજ ન સારી શકે. મંદિરના ઘુમ્મટમાંથી જે શીતળતાના બુંદ વરસતા હોય છે તે ઘંટીનાં ચળાયેલાં પતરામાંથી ન જ પડે. વ્યાવસાયિક કેન્દ્રમાં થતી સભા પર જતે દિવસે વ્યવહારનો ભેગ ભળ્યા વગર રહે જ નહિ. મંદિરના આવરા-જાવરા વિના આધ્યાત્મિક નિયમોની સવિશેષ દૃઢતા પણ ન થાય. સ્વામીશ્રી આ સમીકરણો યથાર્થ જાણે છે એટલે જ તેમણે ભક્તોને પ્રોત્સાહન આપ્યું પણ સાથે સાથે તેમની ભક્તિને કાળનો લૂણો ન લાગે તેની તકેદારી પણ રખાવી.

પ્રસન્નતાથી પ્રેરણાનું અમીસિંચન

વ્યસન મુકાવવાની સ્વામીશ્રીને અત્યંત ખટક છે. કહો ને કે વ્યસનો મુકાવવાનું તેમને વ્યસન વળગ્યું છે. કોઈ વ્યસની તેમને મળી જાય તો પોતાનો સમય કાઢીને પણ તેમને વ્યસન મૂકવા સમજાવે. આ જ રીતે જે જે કરાવવાનું તેમને તાન છે તેમાં તિલક-ચાંદલાને અવશ્ય મૂકી શકાય. સત્સંગી હોય અને તિલક-ચાંદલો ન કરતો હોય તો તેને અવશ્ય સમજાવે. જો તે નિયમ પાળવા તૈયારી બતાવે તો તત્કાળ રાજીપો પણ દર્શાવે.

મુંબઈના ડૉ. કિરણ દોશી આમ તો દૃઢ સત્સંગી. પણ કંઈક કારણસર તેઓ તિલક-ચાંદલો કરતા અચકાતા. સ્વામીશ્રીએ તેમને ઘણીવાર સમજાવ્યા હતા પણ તેઓએ મચક આપી નહોતી. પરંતુ સત્પુરુષની વાતો સબીજ છે. તે ગમે ત્યારે પણ ઊગીને જ રહે છે. એક વખત સ્વામીશ્રી પ્રેરિત અંતઃસ્ફુરણાથી જ તેમણે તિલક-ચાંદલો કર્યો અને દવાખાનામાંથી મંદિરે ફોન કર્યો કે 'હું તિલક-

ચાંદલો કરીને આવું છું.' રામચરણ સ્વામીએ આ સમાચાર સ્વામીને આપ્યા કે તરત જ સ્વામીશ્રીએ ફોન ઉપર વાત શરૂ કરી : 'જય સ્વામિનારાયણ. કોન્ગ્રેચ્યુલેશન. આજથી શરૂ થયું પણ પાછું બંધ ન થાય તે માટે પૂજામાં પ્રાર્થના કરી છે.'

શ્રીજીમહારાજ વચનામૃત સારંગપુર પ્રકરણના ૧૬માં કહે છે કે ભગવાનના તપેયુક્ત જીવનને કારણે ભક્તના ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ થોડા કાળમાં અતિશય વૃદ્ધિ પામે છે. આપણે જે નિયમો પાળી શકીએ છીએ તેના મૂળમાં વાસ્તવમાં તો સ્વામીશ્રીનો પુરુષાર્થ અને પ્રાર્થના છે. પોતાની પરવા કર્યા વિના તેઓ આપણને આ માર્ગે દોરતા હોય છે. છતાં પણ તેનો સઘળો યશ હંમેશાં તેઓ ભક્તો પર ઢોળતા હોય છે.

એક વાર સ્વામીશ્રી હૈદ્રાબાદમાં હતા ત્યારે સાંજે ૫-૩૦ વાગ્યે પ્રસાદ ગ્રહણ કરતા હતા. તે વખતે જ મુંબઈથી ડૉ. કિરણનો ફોન આવ્યો. ફોન લેતાં જ સ્વામીશ્રી પ્રથમ વાક્ય બોલ્યા : 'લાલ ચાંદલાવાળાને જય સ્વામિનારાયણ.'

કહેવાય છે કે બેવકૂફની દાદ અને સમજદારની ચૂપ બંને માણસને અકળાવે છે. કોઈકે સારું કર્યું હોય અને આપણે સ્વીકારીએ પણ નહીં અને મીંઢું મૌન રાખીએ તો એટલું જ પુરવાર થાય છે કે આપણે કદરદાન માણસ નથી. સ્વામીશ્રીનું વ્યક્તિત્વ આવું નથી.

સત્સંગની પા પા પગલી સમા આ નિયમને પણ સ્વામીશ્રી કેવો વધાવી રહ્યા છે ! શ્રીજીમહારાજ માટે કહેવાયું છે : 'અણુમપ્યતુલં હિ મન્યતે, સહજાનંદગુરું ભજે સદા.' બીજાના અણુ જેટલા ગુણને પણ અતુલિત માનનારા શ્રીજીમહારાજ હતા. સ્વામીશ્રીની પણ આ પ્રતિભા છે. નાના નાના ગુણોને પણ વધાવી, પ્રશંસી, પ્રોત્સાહન આપી તેઓ નિયમપાલન માટે અખૂટ બળ સીંચે છે.

વિદ્યાનગરમાં સ્વામીશ્રી રાત્રે ૧૦-૩૦ વાગ્યે આરામમાં જવા ઊભા થયા. સામે ઊભેલા સર્વમંગલ સ્વામીએ કહ્યું : 'હું ને જનમંગલ સ્વામી ચેષ્ટા બોલી આવ્યા.' ચેષ્ટા એ ભગવાન સ્વામિનારાયણની મૂર્તિવર્ણન તથા લીલાવર્ણનના ગેય પદો છે. રોજ રાત્રે સંપ્રદાયના અનુયાયીને તે દ્વારા શ્રીહરિની સ્મૃતિ કરવાની આજ્ઞા છે. સ્વામીશ્રીની પણ આ પદોમાં અંતરની રુચિ છે. તેમાં ભળનાર સંતો પર પ્રસન્નતા વ્યક્ત કરતાં સ્વામીશ્રી કહે : 'વાહ ! ચેષ્ટા કરી ! લ્યો તમને પગે લાગીએ.' એમ કહેતા નીચા નમ્યા. પછી ચાલતાં ચાલતાં જ કહે : 'આ રીતે નિયમ રહે તો જ જ્ઞાન પચશે.' પ્રોત્સાહન અને પ્રશંસાની

પીયૂષધાર સૂતાંસૂતાં પણ ચાલુ રહી. 'અમે તો ચેસ્ટા ભગુરુમાં રહીને ગમતાંને તમે કરી આવ્યા. કથાવાર્તાનો મારો તો રાખશો જ. તો જ સારું રહે. પ્રવૃત્તિમાં કથામાં આવવું વધારે જોઈએ. આપણે નવરા હોઈએ તો આમાં પાછાં બેસી રહેવું. અમને આશીર્વાદ આપો. અમારેય એવું થાય. અમે બધા પ્રવૃત્તિવ થઈ ગયા છીએ.'

નિયમપાલનના સ્વામીશ્રીના આગ્રહને જે ઝીલે છે તેના પર પ્રસન્નતાની પૂર્ણ કળશ સ્વામીશ્રી અવશ્ય ઢોળે છે. પ્રોત્સાહનનાં પુષ્પોના અભિષેકથી નવાજી વિશેષ વર્તવાની પ્રેરણાનું અમીસિંચન કરે છે.

અટલાદરામાં સાંજની સભા વખતે બોચાસણથી આવેલો હાર ત્યાગવલ્લભ સ્વામીએ સ્વામીશ્રીને પહેરાવ્યો. એ હાર સ્વામીશ્રીએ અશોકભાઈને બોલાવીને પહેરાવ્યો. પછી પ્રસન્નતાના આ અમીવર્ષણનો ભેદ ખોલતા સ્વામીશ્રી બોલ્યા : 'તમે રોજ નિયમિત કથામાં આવો છો. કથા સાંભળવાનો ઇશક છે, એટલે આ હાર પહેરાવ્યો.'

કહે છે કે કીડીના પગમાં ઝાંઝર વાગે છે તેને પણ ભગવાન સાંભળે છે, આપણે ગમે તે ખૂણામાં નિયમ પાળીએ તેને સ્વામીશ્રી અંતર્યામીપણે જાણતા જ હોય છે. સ્વામીશ્રીની પ્રશંસાની આ હેલી સર્વને ભીંજવે છે, કારણ કે તેઓને સર્વને આગળ વધારવાની ઇચ્છા છે. તે પછી સંપ્રદાયી હોય કે સંપ્રદાયથી ઇતર હોય.

એક વખત અમદાવાદમાં શહેરના જાણીતા બિલ્ડર નરસિંહભાઈ પટેલ ખાસ દર્શને આવ્યા હતા. પોતે અત્યંત ધાર્મિક વૃત્તિના છે. ગાડીમાં બેસતાં પહેલાં ભગવાનની પૂજા કરે છે. સ્વામીશ્રી તેઓની આવી આધ્યાત્મ પ્રવૃત્તિથી રાજી થયા અને તેમને બિરદાવતાં કહ્યું : 'એ બહુ જ સારી રીત છે. આ વસ્તુ શીખવી જ જોઈએ.'

મુંબઈના નિર્માતા રામાનંદ સાગરે અમેરિકાથી ટી.વી. સિરિયલ 'કૃષ્ણ'ની વીડિયો સ્વામીશ્રી પર મોકલી હતી. સ્વામીશ્રીએ તે આખું કંઈ જોયું નથી પણ તેઓને આશીર્વાદ આપતાં લખ્યું : 'સંસ્કૃતિની રક્ષા માટે અને લોકોમાં સદાચાર આવે, ધર્મમાં શ્રદ્ધા વધે એ માટે સારું કામ કરો છો.' જ્યાં જે જે સારું હોય તેને પ્રશંસી સ્વામીશ્રી એક ડગલું આગળ વધવાની પ્રેરણા હંમેશાં આપે છે. સ્વામીશ્રીની પ્રશંસામાં કોઈ સ્વાર્થી હેતુ નથી.

ખુશામત કરવામાં આપણે સ્વાર્થી હોઈએ છીએ પણ જે ઉદાર છે એ જ ખેલદિલીથી યથાયોગ્ય રીતે પ્રશંસા કરે છે. સ્વામીશ્રી આવા ઉદારચરિત પુરુષ છે. તેઓની પ્રશંસા સહજ છે. સહજ છે તેથી જ તે નિયમપાલનની વસમી વાટે અન્યની રાહબર બની શકે છે. પોતાના નિર્મળ મનની પ્રશંસા દ્વારા પ્રોત્સાહન પ્રેરી ભક્તોને ઉત્કર્ષની સોપાનમાલા સર કરાવવી તે પણ સ્વામીશ્રીના નિયમ-આગ્રહનું આગવું અને અત્યંત સબળ પાસું છે.

૪. અતકર્યનો તર્કબદ્ધ અભિગમ

ઘણી વાર થાય છે કે આપણું મન અનેક વિસંવાદી અપેક્ષાઓની વખાર જેવું બની ગયું છે. બંને હાથમાં લાડુ હોય તેવી સ્થિતિ આપણને ગમે છે. પગાર વધતો રહે અને ભાવો ઘટતા રહે એવી ઇચ્છાઓનું સહઅસ્તિત્વ મનનો એક સ્થાયીભાવ બની ગયું છે. શહેરની તમામ સગવડો પણ જોઈએ છે અને ગામડાંની શાંતિની પણ ઝંખના રહે છે. શાંતિ માટે કોઈ એકાંત સ્થળે પહોંચ્યા પછી ત્યાં ટેલિફોન અને ટી.વી. ન હોય તે ય ખૂંચે છે.

ટી.વી. પર ક્રિકેટ મેચ જોતાં જોતાં, પાનના ગલ્લા પર મસાલા ચગળતાં ચગળતાં, મેટિની શોમાં ફિલ્મો જોતાં જોતાં તથા પુસ્તકોને સહેજ પણ તકલીફ આપ્યા વિના ફર્સ્ટ ક્લાસ મળતો હોય તો તે લેવા પ્રત્યેક વિદ્યાર્થી તત્પર છે.

ડિયો કામ કરતો હોય ત્યારે જોજો. વધારેમાં વધારે રોજી લઈને ઓછું કામ રવું એ કસબ એણે બરાબર શીખી લીધો હોય છે. કોઈવાર અકસ્માત્ થાય અન તાત્કાલિક સારવાર ખાતામાં જાઓ ત્યારે જોજો. ત્યાં માત્ર વિલંબ તાત્કાલિક હોય છે.

આપણી ઑફિસોમાં ખુરશી પર બેઠેલી જડતા અને ટેબલ પર પથરાર વિલંબ ખૂબ Busy હોય છે.

આ દેશની ઑફિસોમાં, ફેક્ટરીઓમાં, યુનિવર્સિટીઓમાં રિસેસ સાથે પૂર્વગ અને ઉપસર્ગ બંને ભારે સિફતથી જોડાઈ જાય છે.

આજ ઑફિસ, ફેક્ટરી કે યુનિવર્સિટીનો કાર્યકરવર્ગ પગારવધારાના આંદોલન વખતે ઝાઝો શોરબકોર કરી મૂકે છે.

ઓછી મહેનતે વધુ મેળવવાની આ જુગારી મનોદશા છે.

આ મનોદશા કે અવદશા આધ્યાત્મિકતાને આભડી જાય ત્યારે નિયમધર્મ પાળ્યા વિના, જેમ ફાવે તેમ વર્તતાં વર્તતાં જ અક્ષરધામની પ્રાપ્તિ થાય તેવી ઇચ્છા મુમુક્ષુને રહે છે.

નિયમપાલનની વાત થાય ત્યારે માનવસ્વભાવમાં વણાયેલી આ વૃત્તિ કે વિકૃતિ સહજપણે બહાર નીકળી આવે છે.

નિયમપાલનથી જ શું કલ્યાણ થશે ? શું સ્થળ અને કાળ પ્રમાણે બાંધછોડ ન થઈ શકે ? મારી દાનત ખરાબ નથી પણ સોબતને લઈને ગફલત થઈ જાય છે તેમાં શું ? અત્યાર સુધી નિયમ પાળ્યા જ છે તો એકાદ વખતના સ્ખલનમાં શું વાંધો આવી જવાનો છે ?... મનમાં પડેલી જુગાર વૃત્તિ સળવળે ત્યારે ઉત્તરો ટાંચા પડે તેમ પ્રશ્નો ફાટતા જાય છે. સલિલની જેમ દલીલ વહેવા માંડે છે.

સ્વામીશ્રી માનવસહજ નબળાઈના આ ગાળાને જાણે છે. એટલે તેઓ દિલ દઈને દલીલો સાંભળે છે અને શ્રદ્ધાપૂર્વકના તર્કના તીરથી તેને ભેદીને નિયમોનું પાલન કરાવે છે.

સ્વામીશ્રી અટલાદરામાં હતા ત્યારે સન્નિષ્ઠ સત્સંગી સિદ્ધાર્થભાઈ તેમના એક મિત્રને દર્શને લાવ્યા હતા. સ્વામીશ્રીએ તેમને કંઠી પહેરાવીને રોજ પાંચ માળા અને ભક્તિ કરવાની વાત કહી. તેઓ વાત સાંભળી કહે : 'હું બહુ ભક્તિ કરીશ તો ઘરવાળાને એમ થશે કે આ સાધુ થઈ જશે.' સ્વામીશ્રી તેમની આ પલાયનવાદી દલીલનો વ્યવહારુ ઉકેલ આપતા કહે : 'આપણે ક્યાં આખો દિવસ ભક્તિ કરવાની વાત કહીએ છીએ ? સવારે પાંચ માળા કરવી ને આખો દિવસ તમારું કામ કરવું. અને છતાં ઘરવાળા બોલે તો કહેવું કે તને મૂકીને હું કેવી રીતે સાધુ થઈ જવાનો છું ?'

સ્વામીશ્રી ગૃહસ્થની પરિસ્થિતિ સારી પેઠે સમજે છે. અધ્યાત્મના ગુરુશિખરે બિરાજ્યા છતાં સહજ કર્મની ઉપેક્ષા કરવાનું તેઓ ક્યારેય શીખવતા નથી; તે તેમને પરવડતું પણ નથી. એટલે જ વ્યવહાર ગૌણ ન થાય તે રીતે સ્વામીશ્રીએ તેમને સમજાવ્યા અને નિયમ માટે કટિબદ્ધ કર્યા.

ઘણી વાર હરિભક્તો સ્થળની પ્રતિકૂળતાને નિયમભંગના કારણ તરીકે સ્વામીશ્રી સામે ધરતા હોય છે. ઘેર હોય ત્યાં સુધી પૂજાપાઠ વ્યવસ્થિત કરે પણ બહારગામ જાય ત્યારે સાથે ન લઈ જાય. એક વાર આવું મનોવલણ ધરાવતા

એક હરિભક્તને સમજાવતાં સ્વામીશ્રીએ કહેલું : 'રોજ નાહી-ધોઈને માળા ફેરવવી. પૂજા કરી લેવી. કોઈ કામે બહારે જઈએ, એમ થશે કે અહીં એવું ના વિચારવું. આપણા મનમાં આવશે એટલે કોઈ કામે ફાવશે જ. મનમાં એ લક્ષ રાખવો કે આ પ્રદર્શન ક્યાં કર્યું ? આ પ્રદર્શન નથી પણ દર્શન છે. જેમ ફરવાનું ભેગું જ લઈ જઈએ છીએ ને ! આપણી સાથે ખાવાનું થયું છે તે સાથે જ લઈ જઈએ છીએ, તેમ આ પણ લઈ જવું.'

સ્વામીશ્રીની મનોવૃત્તિઓ કેવી છે ? એ પ્રશ્ન છે. સ્વામીશ્રીની તીવ્ર મનોવૈજ્ઞાનિક દૃષ્ટિમાંથી છટકી શકાતું નથી. આવી જ વૃત્તિઓથી થતાં નિયમોમાં અવમૂલ્યનને ઉજાગર કરવા સ્વામીશ્રી સમજ આપે છે. આપતાં ક્યાંક અનુભવાતા નથી. અહીં સાવ વ્યક્તિગત સમાજદર્શનનો ઉપયોગ કરી તર્કબદ્ધ સમજાવટથી સ્વામીશ્રી કેટલી સરળતાથી નિયમોમાં હરિભક્તોને મક્કમ કરી રહ્યા છે !

ભાવનગરમાં એક બહુ રમૂજી પ્રસંગ બની ગયો. સ્વામીશ્રીનાં દર્શને આવેલા એક નાગર - નંદરાય ત્રિવેદી પગે લાગતાં કહે :

'હું ત્રણ વર્ષથી નાહ્યો જ નથી.'

'કેમ ?' સ્વામીશ્રીએ પૂછ્યું.

'બસ ! ખબર જ પડતી નથી કે હું કેમ નથી ના'તો !'

સ્વામીશ્રી કહે : 'જમવાની ખબર પડે છે તે આની કેમ નહીં ?'

તે કહે : 'પાણીની બીક લાગે છે.'

ઉપાય બતાવતાં સ્વામીશ્રી કહે : 'જાઓ. હવે બીક લાગે ત્યારે સ્વામિનારાયણ મંત્ર જપજો.' પણ તેઓની દલીલ હજુ જ ઊભી હતી : 'મારા શરીરમાંથી સુગંધી જ આવ્યા કરે છે.' સ્વામીશ્રીએ સહજ દલીલ કરતાં કહ્યું : 'દુર્ગંધ આવતી હોય તો ન્હાય. અહીં શું પ્રશ્ન છે ?' સ્વામીશ્રીની આ સાવ સહજ દલીલથી સૌ હસી પડ્યા ને તેઓ સ્નાન કરવાનો નિયમ લઈ બહાર નીકળ્યા.

ભક્તોએ નિયમપાલન કરવું જ જોઈએ એવો સ્વામીશ્રીનો આગ્રહ છે. એટલે ગમે તેવી કે પ્રતિકૂળ સ્થિતિમાં પણ નિયમ પાળવા એવું તેઓ કહેતા નથી, પરંતુ વિવેક અને સાથે ઓછામાં ઓછા આટલા નિયમ પાળવાના જ છે.

સજ્જનતાના દીવડા આત્મશ્રદ્ધાની આકાશ

સમાજમાં સજ્જનની દશા ઘણી વાર મૃદંગ જેવી હોય છે, એને બંને બાજુથી ટપલાં ખાવાં પડે છે. ઓછું બોલનારને સમાજ 'મીંઢો' કહે છે. વધુ બોલનારને લવરી ખોર કહે છે.

લોકોને ટેવ હોય છે કોઈના વિષે કાંઈપણ કહેવાની, અભિપ્રાયો આપવાની, નિંદા કરવાની, જાતજાતનાં વિશેષણો ખડકવાની.

કોઈકનું કંઈક સહન ન થાય એટલે બૂરું શરૂ કરે, કડવું ને તૂરું શરૂ કરે.

જે આધ્યાત્મિક માર્ગનો પ્રવાસી હોય તેણે આવાં લોકોથી બળભળી ન જવું જોઈએ! એમની તરફ ઉપેક્ષા રાખીએ અને આવાં લોકોમાંથી જીવ કાઢી નાખીએ તો જ તંદુરસ્ત ને મનદુરસ્ત જીવાય, ભક્તિ થાય ને નિયમો પળાય.

કોઈપણ બાજુ ઢળી પડતા લોટા જેવા સમાજની ઓઠે નીચે નિયમો ખોટા કરવાનું મન થઈ જાય ત્યારે સ્વામીશ્રી આવી જ કંઈ તાર્કિકતા દ્વારા ભક્તોને સાચી સમજણ આપીને નિયમોમાં સુદૃઢ રાખે છે.

આસ્ટિનમાં એક સંનિષ્ઠ યુવકના પિતાશ્રીએ સ્વામીશ્રીને ફરિયાદ કરી કે આ રોજ તિલક-ચાંદલો કરે છે એટલે એને કોઈ છોકરી આપતું નથી. લોકો કહે છે કે એ તિલક-ચાંદલો ન કરે તો તૈયાર છીએ." સામાજિક ભયના ઓથાર નીચે દબાયેલા તે પિતાને મુક્ત કરવા સ્વામીશ્રી જરા અકળાઈને કહેવા લાગ્યા: "એમાં શું વાંધો આવે છે એમને?"

તેઓ કહે : "સાથે બહાર જવામાં શરમ આવે છે."

સ્વામીશ્રી કહે : "એવા એ અત્યારે તિલક-ચાંદલો કરવાની ના કહે ને પછી કાલે ઊઠીને બીજું પણ કહે, મંદિરે નથી જવું, ઘરમાં સાથે નથી રહેવું-તો શું કરવું પડે. એ બધાને તિલક-ચાંદલો કરવામાં વાંધો એટલે જ આવે કે મંદિરે જવું પડે. બીજું કાંઈ વાંધો નહિ. નોકરીમાં ને બીજે નડતરરૂપ નથી થતો ને આમાં શું કામ થાય? આ તો તમારે જીવમાં એવું ના હોય એટલે સમજાવી ના શકો."

જીવન આપણું હોય અને સર્ટિફિકેટ બીજાના હોય તે તો આપણે અપંગ હોઈએ ને બીજાની કાંઘોડી પર ચાલતા હોઈએ તેવું લાગે.

કોઈ ઉપલ્લાઓના અભિપ્રાય પર જીવીએ તો આપણે કુંઠિત થઈ જઈએ. ભક્ત તો એવી શાનથી જીવવું જોઈએ કે : 'હું તો દરિયો ઊંચકીને ચાલ્યો ને કાંઠાઓ જોઈ રહ્યા.' લોકની તમા કર્યા વિના, મસ્તીથી કોઈને દાદ આપ્યા વિના

ભક્તિ કરવી ને જીવવું એ જ ઘટના. બીજી બધી દુર્ઘટના. સ્વામીશ્રી તર્ક તીરથી, શંકાના નિરસન કરીને ભક્તોને આ દુર્ઘટનામાંથી બચવા નિયમોમા સુદૃઢ રાખે છે.

લોકશરમને પોતાની પર્વતપ્રાય નિશ્ચયાત્મક વાતોથી તોડતાં અને મોડતાં સ્વામીશ્રીએ સુરતમાં યુવાનોને જે અમૃત પાયું હતું તે દરેક મોળામને ઘોળવા જેવું છે. એકવાર વિવેકસાગર સ્વામીએ 'શિક્ષાપત્રી' પારાયણ દરમ્યાન નિરૂપેલી પૂજાની ભાવનાને જ વધુ દૃઢાવતાં સ્વામીશ્રી બોલ્યા હતા : 'પૂજા ઘણા કરે છે. ઉત્સાહથી બધાંએ હમણાં હાથ ઊંચા કર્યા પણ પછીથી ચાલુ કરવા માગતા હોય તેવા ઓછા હતા. એમ લાગ્યું હશે કે વસમું પડશે ! પણ આમાં વસમું પડે એવું કશું છે જ નહીં. ભગવાન આમાં રાજી થાય છે. તિલક-ચાંદલો કરવામાં શું વાંધો છે ? લગનમાં તો તરત કપાળ ધરે ! ત્યાં વિચાર નથી આવતો કે દુઃખ આવશે ? આપણે કરીએ તેમાં કોઈનું નુકસાન તો કરતા નથી તો પછી હિંમત શા માટે ન રાખવી ? સોનાનો દોરો કેટલા ઉત્સાહથી પહેરીએ છીએ. જ્યારે આ તો અક્ષરધામની કંઠી છે. મંદિરે આવીએ ને લોકો ભગત કહે એમાં શરમ લાગે છે પણ એમાં ખોટું શું છે ? ભગત થયા એમાં આબરુ ગઈ કે વધી ? થોડા દા'ડા માણસ બોલે. પણ એમ તો લોકોને ના ગમે એટલે શું આપણે મૂકી દેવાનું ? લોકોને તો તમારાં કપડાં પણ ન ગમે તો શું કપડાં કાઢીને ફરવું ? સત્સંગ કરીએ એ યોગ્ય જ છે એમ માનીને કરીએ તો વાંધો ન આવે. લોકો કરતાં ભગવાનને આ વસ્તુ ગમે છે કે નહીં તે જોવું. જેને રાજી કરીને જેની પાસે જવું છે એનું જોવું. બાકી દુનિયા તો ગમે એટલું કરો પણ રાજી નહીં થાય. સત્સંગીને વારેવારે કહેવું શું ? પૂજા કરવાની જ હોય, એની દૃઢતા કરી જ નાખવી. એમાં કોઈ દુઃખ નથી...'

સ્વામીશ્રીને યુવાનની અભિલાષા, પરિસ્થિતિ અને મનોવૃત્તિઓનો બરાબર ખ્યાલ છે. અને તેથી જ તેમનાં માર્ગદર્શનનો કે આગ્રહનો પ્રારંભ થાય છે. યુવાનોની શક્તિને રૂંધતાં અથવા વિખેરી દેતાં પરિબળોના વિરોધથી James Leo Herling તેના પુસ્તક 'The Season of Witch' માં કહે છે : 'Be yourself. No one can tell, you are doing it wrong.' જે માણસ બીજાના અભિપ્રાય પર જીવે છે એને પોતાનામાં શ્રદ્ધા નથી હોતી અને જેને પોતામાં શ્રદ્ધા હોય છે એને લોકોની પડી નથી હોતી.

સ્વામીશ્રી ક્યારેક તર્ક દ્વારા ભ્રમને ભેદીને ભક્તોના હૃદયમાં સજ્જનતાના દીવડા પ્રગટાવે છે. આ દીવાની જ્યોતને જગતના સૂસવાટાથી ઓઝપાઈ જતી બચાવવા પણ આત્મશ્રદ્ધાની આડશ પણ મૂકી આપે છે.

એક વખત સ્વામીશ્રી પ્રિટોરિયામાં (દક્ષિણ આફ્રિકા) હતા. એક હરિભક્તના દીવાનખંડમાં પૂજા કરીને જેટલા ભાવિકો આવ્યા હતા એ સૌને ભેગા કર્યા અને સત્સંગ સભાની વાત દૃઢાવતા કહે : 'તમે બધા ભેગા થઈને અઠવાડિયે એક વાર સભા કરો. તમારું કુટુંબ જ ઘણું છે. ઘરની મંડળી ને બાવો મહંત જેવું થઈ જાય અને જે દૂષણો પેસી ગયા હોય તે કાઢો.' આ વાત સાંભળી સામે બેઠેલા એક ભાઈએ દલીલ કરી :

'અહીં સમાજ અને વાતાવરણ જ એવાં છે એટલે સરખું નથી રહેવાતું.'

સ્વામીશ્રી કહે : 'જુઓ ! આપણે આપણું કરી લેવું. બહારના દેશકાળ હોય તો એના સામું ન જોવું.'

વૈચારિક ગુલામીનો પ્રતિકાર

બદલાતો રહે એ જ તો જમાનો છે. તેની ઘરેડને બદલવા જતાં ઘરડા થઈ ગયેલા લાચાર ચહેરાઓ પણ આ સત્યના સબૂત છે. બધી જ વાતે સાનુકૂળ થાય પછી ભગવાન ભજીશું એ તો બકરીના ગળા પર લટકતાં આંચળમાંથી દૂધ મેળવવા જેવી વાત છે. તે ક્યારેય સત્ય બનવાની નથી. આવા સમયે પૃથ્વીને ચામડાંથી મઢવાનો પ્રયત્ન મૂકી દઈ, પગમાં પગરખાં પહેરી લેવાના તર્ક દ્વારા સ્વામીશ્રીએ તે ભાવિકોને નિયમબદ્ધ કર્યા.

સંસાર-વ્યવહારનું પણ આવું જ છે. સંસારની પછેડી જ એવી છે કે તે ક્યારેય પગ અને મસ્તકને એક સાથે ઢાંકી શકતી નથી. 'સાત સાંધે ને તેર તૂટે' તેવા વ્યવહારમાંથી નવરાશ મળે પછી ભક્તિ કરવાનો વિચાર વાંઝિયો છે. ભક્તો જ્યારે આવા વિચારોના ગુલામ બને ત્યારે સ્વામીશ્રી તેમને સમજાવે છે.

એક વખત સ્વામીશ્રી ભરૂચમાં હતા ત્યારે લંડનથી આવેલા દિનકરભાઈ સ્વામીશ્રીને મળવા આવ્યા. સાથે તેમના વડોદરા રહેતા ભાઈ પણ હતા. તેમણે સ્વામીશ્રીને વિનંતી કરી : 'બાપા ! એક ઇચ્છા છે. મારા ઘરે પધારો.' સ્વામીશ્રી તેમને કહે : 'તમે દર રવિવારે અટલાદરા જવાનું રાખો. તો તમારે ત્યાં આવીએ ને ? અમે ત્યાં આટલું રહ્યા તોય તમે દેખાતા ન'તા.' સ્વામીશ્રીની આ

એક દલીલ સામે જેમ આવી એ લાયક તેમ હતું જ નહીં એટલે છટકબારી શોધતાં તેમણે કહ્યું : '...પણ એવું છે કે સ્વામી બેંકમાંથી સમયસર જવાતું નથી.' સ્વામીશ્રીએ તેમને વાસ્તવિકતા નિરૂપતાં કહ્યું : 'તમે શનિવારે અટલાદરા જવાનું રાખો. નવરા થઈશું ને પ્રભુ ભજીશું એવું બનવાનું જ નથી. એ તો સમય કાઢવો જ પડે.' સ્વામીશ્રીની દલીલથી તેઓ માત થઈ ગયા અને નિયમ આત્મસાત્ કરવા તૈયારી બતાવી.

વિદ્યાનગર ખાતેનું અક્ષરપુરુષોત્તમ છાત્રાલય એટલે યુવાનો અને સ્વામીશ્રી વચ્ચેના ચૈતન્ય સંબંધોમાંથી ઝરતાં અમૃતનું આનંદપર્યવસાયી સરોવર. પોતાનાં વાત્સલ્યવારિ પીને વિકસતા, વિલસતા આ યુવાવૃક્ષોની સંભાળ લેતા સ્વામીશ્રી અવારનવાર ત્યાં પધારતા હોય છે. તે વખતે યુવાનોમાં પ્રવેશેલી શિથિલતાઓને દૂર કરતા હોય છે.

એક વાર સ્વામીશ્રીના વિદ્યાનગરના રોકાણ દરમ્યાન છાત્રાલયના એક વિદ્યાર્થી સંદીપને સ્વામીશ્રીએ તિલક-ચાંદલો કરવાની વાત કરતાં કહ્યું : 'તિલક-ચાંદલો કરવામાં તને વાંધો શું છે ? તને કોઈ ના પાડતું હોય તો તેને અમે વાત કરીએ.' તેણે સંમતિની નહીં પણ સામતી ભાષા વાપરતાં કહ્યું : 'મનમાં એવું રહે છે કે કરવો તો વ્યવસ્થિત કરવો.' સ્વામીશ્રી તેની પલાયનવૃત્તિને પારખી ગયા અને તેને કહે : 'એ તો કરીશ તો જ વ્યવસ્થિત થવાશે. ભણવા બેઠો તો આવડ્યું ને ! એક વાર કરવા માંડીશ એટલે મનોબળ વધશે.' સ્વામીશ્રીનાં માર્ગદર્શન છતાં તેની દલીલ ચાલુ રહી : 'અમે ટૂર પર જઈએ ત્યાં જમવામાં લસણ-ડુંગળીનો પાવડર નાખેલો હોય છે. ખબર જ ના પડે. ખાધા વગર છૂટકો જ ન થાય. ત્યારે એમ થાય કે તિલક-ચાંદલો ન કરવો સારો.' સ્વામીશ્રીએ વળતો ઘા કર્યો : 'તને આ ન કરવાનો વિચાર આવે છે એ કરતાં પેલું ખાવા જેવું નથી એ વિચાર કર ને ! એવું આવે ત્યારે એક દા'ડો ઉપવાસ કરી નાખવો. દૂધ પર રહેવું. શરીર તો ટકશે જ. આપણે તો દૃઢતા રાખવી. મંઈ (અંદર) ડુંગળી હોય કે ન હોય, બહારનું ખાવું જ નહીં. દૂધ ને ભાજી પર તો મહિના સુધી રહેવાય. આ તો આસક્તિ હોય છે એટલે ખવાય છે બાકી વાંધો આવે તેમ નથી.' સ્વામીશ્રીની ભાવવાહી મર્મભેદક વાતોથી સંદીપ તિલક-ચાંદલો કરવા સંમત થયો.

આત્મબળનું ઝરણું

જે માણસ જાળ પાથરીને દરિયો પકડવાની આશા રાખે છે એ માણસની જાળમાં માછલી આવે તો પણ એને સંતોષ થતો નથી. પડવાની બીકે ચાલવું જ નહીં એવી વૃત્તિ જ ધરાવે છે એને કોઈ દિવસ રસ્તો મળતો નથી. એવું કેમ ન બને કે આપણે ચાલીએ ને રસ્તો ખૂલતો આવે !

'રેખાઓમાં રહ્યો અડોઅડ બિંદુઓનો ફાળો;
મંજિલ બીજું કંઈ નહીં પગલાઓનો સરવાળો.'

બ્રહ્મરૂપ થવાની મજલ નાના નાના નિયમોના પાલનથી ટૂંકાય છે. ઊંચું ધ્યેય રાખીને નીચલા નિયમોની અવગણના થાય તો ધ્યેયસિદ્ધિ વેગળી જ રહે. સ્વામીશ્રી નાના નાના નિયમોને પળાવી આ મંજિલ ટૂંકાવે છે. તેમાં ભાંગી પડીએ ત્યારે ક્યારેક આ રીતે તર્કના ટેકે પડતા રોકે પણ છે.

સ્વામીશ્રી પાસે એક યુવક આવ્યો. તે તિલક-ચાંદલો કરતાં શરમાતો હતો. એને એમ કે જીવનમાં વર્તાય તો જ કરવું. સ્વામીશ્રીએ તેના આ વલણ પર ધારદાર તર્ક મૂક્યો કે : 'કોઈ દિવસ એવો વિચાર આવે છે કે પચાસ લાખ મળે પછી જ ધંધો કરું ? એ તો તિલક-ચાંદલો કરવા માંડશો તો વર્તાશે. બળ મળશે.' સ્વામીશ્રીએ બે-ત્રણ વાર આ જ અર્થને દોહરાવ્યો. છતાં પેલાની દલીલ અટકતી ન હતી. વારે વારે એક જ દલીલ કરતો હતો કે 'મારા વર્તનને લીધે સંસ્થાનું ખોટું દેખાય એવું શું કામ કરવું ?' સ્વામીશ્રી તેની વધુ પડતી ચિંતા જોઈને કહે : 'તું લોકોની દયા શું કરવા ખાય છે ? આપણે ભગવાનના ગુનેગાર થઈએ છીએ એ તો વિચાર કર ! લોકોનું ભલે જે થવાનું હોય એ થાય. ભગવાન અને સંત દુઃખી ન થાય એ જોવું.' સ્વામીશ્રીની અંતિમ દલીલથી તે વીંધાઈ ગયો.

વધુ પડતા વિચારો કરવા, આચારને અળગો મૂકવો, જ્યાં સુયોજિત છે ત્યાં જ સલામતી છે એમ માનવું - એવા અભિરામથી જે જીવે છે એ ક્યારેય આચારશીલ ન જ બની શકે.

ગોળ ખવડાવીએ તો ગરમ લાગે અને ખાંડ ખવડાવીએ તો શરદી થાય - આવી પલાયનવાદી પ્રકૃતિ નિયમ પાલનની આડે આવે છે.

સત્સંગી હોઈએ અને નિયમ પાળવા માટેનો આત્મગૌરવ જ ન હોય તો

માણસ કરોડરજ્જુ વિનાનો લાગે. નિયમ પાળવા માટેનો અભિગમ તો હોવો જોઈએ.

A. Macleren કહે છે : 'You never know what you can do till you try.' કાર્યનો આરંભ ન કરીએ ત્યાં સુધી આપણી કાર્યશક્તિનો આપણને અંદાજ આવી શકતો નથી. અંતરતલમાં ધરબાયેલો આત્મબળનો અખૂટ ભંડાર અનુપયોગી રહી જાય છે.

સ્વામીશ્રી ઘણી વાર તર્કના તીરથી આત્મબળનું પાતાળઝરણું પ્રગટ કરે છે જે નિયમ પાલનના માર્ગવૃક્ષનું સતત જતન કરતું રહે છે.

લેસ્ટરમાં રાત્રે જમતાં જમતાં અરુણકુમારને સ્વામીશ્રી તિલક-ચાંદલો કરવાની વાત કરી રહ્યા હતા. તેઓની ફરિયાદ હતી કે :

'પરસેવો થાય ત્યારે બધું લાલ થઈ જાય છે.'

સ્વામીશ્રી કહે : 'બધું મનનું કારણ છે. કંઈ ન થાય. દેહપર્યંત કરવાનો. ચૂડલો ને ચાંદલો અખંડ જોઈએ.'

'કંઈ ન થાય.' એ સ્વામીશ્રીના વાક્યને પકડતાં અરુણકુમાર કહે : 'હવે પરસેવો નહીં થાય. ગુણાતીત બોલ્યા.' સ્વામીશ્રી મૂળ વાત સમજાવતાં કહે : 'કહ્યું તો ય થાય. દેહનો ભાવ છે. આત્મા માનો તો કંઈ ન થાય. આત્મામાં પરસેવો નથી. દેહમાં તો થશે. આત્મા છું એમ મનાય તો કાંઈ ન થાય.'

તર્ક એ વર્તુળ જેવો છે. તેનો આરંભ કે અંત નથી. तर्कोऽप्रतिष्ठो. સ્વામીશ્રી આ સત્ય પિછાણે છે. એટલે જ તે તર્કને નિયમપાલનના અંતિમ શસ્ત્ર તરીકે નથી વાપરતા પણ દલીલોને તર્કથી ભેદીને અને છેદીને, વ્યક્તિના ભીરૂ માનસને વિદારીને, તેને આત્માના વિશ્વમાં રમતો મૂકે છે. સમાજની આડ-અસરોથી ઘેરાયેલા ભક્તોને સાચી સ્વતંત્રતામાં પદાર્પણ કરાવે છે. ભક્તો પણ પોતાની જ શક્તિનો નવો આયામ દૃષ્ટિગોચર કરી ભક્ત હોવાનું સાચું ગૌરવ અનુભવી ઉત્સાહપૂર્વક નિયમપાલન માટે કટિબદ્ધ બને છે.

અતર્ક્ય એવા સ્વામીશ્રીનો નિયમપાલન કરાવવા માટેનો આ તર્કશુદ્ધ અને તર્કબદ્ધ અભિગમ તેઓના નિયમોના આગ્રહનું વિશિષ્ટ પાસું છે.

વ્યક્તિપરખ અને પ્રેરક પરિણામ

શંકરાચાર્યે એક ગ્રંથ લખ્યો છે. તેનું નામ છે 'વિવેકચૂડામણિ'. 'ચૂડામણિ'

એટલે મસ્તક પર ધારણ કરવા યોગ્ય મણિ. જીવનમાં વિવેકનું સ્થાન ઊંચું હોવાનું રહસ્ય સમજી શકાય તેવું છે. કારણ કે સદ્‌ગુણ ક્યારે દુર્ગુણ બની જાય છે તેનું રહસ્ય સમજી શકાયું નથી.

નમ્રતા ખરેખર મોટો ગુણ છે પણ તે સાથે નમાલાપણું પાછલે બારણેથી પ્રવેશી જાય છે. સ્વાભિમાનમાંથી 'સ્વ' ક્યારે ખરી પડે છે તે સમજાતું ' કરકસર નામનો સદ્‌ગુણ ખસી જઈને કંજૂસાઈના દુર્ગુણને ક્યારે જગ્યા કરા આપે છે તેની ખબર પડતી નથી. મક્કમતાને હઠાગ્રહથી મુક્ત રાખવી પડે છે તો સત્ય માટેના આગ્રહને બંધિયારપણાથી મુક્ત રાખવા સાધકે ખૂબ મથવું પડે છે. ઘણી વાર ઉદારતા ઝંખવાણી પડીને ઉડાઉપણાને તાબે થઈ જાય છે. વૈરાગ્યને શુષ્કતાથી બચાવી લેવો પડે છે તો સંતોષ ક્યારેક અકર્મણ્યતાને સંકોરતો જણાય છે. અડગ ક્યારે અડબંગ બની જાય તે સમજાતું નથી. તેવી જ રીતે આગ્રહ ક્યારે હઠાગ્રહ કે દુરાગ્રહ સુધીની પ્રગતિ (કે અધોગતિ ?) કરી નાખે છે તેનો ખ્યાલ રહેતો નથી.

વિશ્વમાં કેટલાય સંપ્રદાયોની દૃઢતા આજે જડતામાં ફેરવાઈ ગઈ છે તો કેટલાયે સંપ્રદાયોએ બદલાતા જતા સમાજ સાથે કદમ મિલાવવા મૂકેલી છૂટછાટો ફાટફૂટોનું કારણ બની ચૂકી છે. સદ્‌ગુણ અને દુર્ગુણ વચ્ચેની પાતળી ભેદરેખા પર ઊભા રહેવું તે જનસામાન્યનું કામ નથી. કોઈ વિરલ વ્યક્તિ જ આ વિવેકને પચાવી શકે છે. સ્વામીશ્રી એવા વિરલ મહાપુરુષ છે જેમની નિયમપાલન કરવા અને કરાવવાની દૃઢતા જડતાથી અસ્પૃશ્ય રહી છે. ક્યારે દૃઢતા જાળવી રાખવી અને ક્યારે, કોને ક્યાં, કેટલી, કેવી રીતે છૂટ આપવી તે સ્વામીશ્રી બરાબર જાણે છે. સ્વામીશ્રીના આવા પ્રયોગશીલ વ્યક્તિત્વને કારણે જ કોઈને ક્યારેય નિયમોના કોચલામાં કચડાતા હોઈએ, ગૂંગળાતા હોઈએ તેવો અનુભવ થતો નથી. સૌ ઉમંગપૂર્વક નિયમ-ધર્મ અંગીકાર કરી પાળે છે.

સ્વામીશ્રીના મુંબઈના રોકાણ દરમ્યાન પ્રદીપભાઈ દર્શને આવ્યા હતા. તેઓને જોતાંવેંત સ્વામીશ્રી કહે : 'પ્રદીપભાઈ ! તમે તો દેખાતા જ નથી. ભગવાન અને સંતનાં દર્શન કરવા તો આવવું. નહીં આવવાનું કંઈ કારણ ?...' પ્રદીપભાઈએ નિખાલસભાવે રજૂઆત કરતાં કહ્યું : '...ખટપટ વધે છે (ધંધામાં) તેથી ઈશ્વર તરફનું ધ્યાન ઓછું થઈ જાય છે અને આવવાનું મન નથી થતું.' સ્વામીશ્રી તેમને કહે : 'જનકરાજા આખું રાજ્ય કરતાં તોય ભગવાનમાં વૃત્તિ

રાખતા ને ભજન કરતા. એટલે એ તો આપણા હાથની વાત છે. વધારે પડતું હોય તો થોડું ઓછું કરવું.' પ્રદીપભાઈ તેઓની પરિસ્થિતિ વર્ણવતાં કહે : 'હું એકલો છું ને જે કરું છું એ છૂટતું નથી.' સ્વામીશ્રીએ વાસ્તવિક દર્શન આપતાં કહ્યું : 'પ્રવૃત્તિ એવી છે કે મૂકી દો તો મૂકી દેવાય. જ્ઞાનથી મૂકી દેવી. અહીં આવતા રહેજો એટલે બંધન નહીં થાય.'

અહીં વ્યવહાર ગૌણ કરીને પણ મંદિરે નિયમિત આવવાનો સ્વામીશ્રીએ કરેલો આગ્રહ સ્પષ્ટપણે તરી આવે છે. કારણ કે હરિભક્ત જૂના છે. સત્સંગમાં ઘણાં વર્ષો વીતાવ્યાં તો પણ સાવ સામાન્ય છતાં પાયાના નિયમો પણ આચારમાં ન આવે ત્યારે સ્વામીશ્રીનો આગ્રહ તેજ બને છે.

નિયમિત મંદિર-દર્શનના આટલા આગ્રહી સ્વામીશ્રીને મળવા રોહિત પેપર મિલવાળા રોહિતભાઈ પટેલ આવ્યા હતા. તેઓ ચૅમ્બર ઑફ મર્ચન્ટ્સના ઉપપ્રમુખ નિમાયા હતા એટલે ખાસ આશીર્વાદ લેવા સ્વામીશ્રી પાસે અટલાદરા પહોંચ્યા હતા. સ્વામીશ્રી પ્રત્યેના અનન્ય ભાવથી અભિભૂત તેઓ કહે : 'આપના હાથના સ્પર્શ અને દૃષ્ટિમાં કાંઈક એવું છે જે મને સમજાતું નથી. આટલાં વર્ષોથી હું બહુ માનતો ન હતો. પરંતુ બે ત્રણ વર્ષ પહેલાં આપનાં દર્શન કર્યાં. પછી વધારે રસ પડવા લાગ્યો. આપનો હાથ પડે છે ને અવનવો અનુભવ થાય છે. ધંધામાં તો પ્રગતિ થાય જ છે પણ જીવનમાં શાંતિ મળે છે. કાંઈક તકલીફ હોય તો ધરપત રહે છે કે પતી જશે.' સ્વામીશ્રી અધ્યાત્મને સ્પર્શી ગયેલી તેઓની ભૌતિક લાભાલાભની સંકીર્ણતાને વિસ્તીર્ણતા આપતાં હળવેથી કહે : 'એટલું હંમેશાં રાખવું કે સમય મળે ત્યારે દાદર મંદિરે દર્શન કરી આવવાં. સવારે ઊઠીને રોજ પ્રાર્થના કરીને જ નીકળવું એટલે ગમે એવા પ્રશ્નો હોય એ ઊકલી જાય.' અહીં વ્યવહારમાં સુખી થવા માટે લીધેલા અધ્યાત્મના ટેકાને સ્વામીશ્રી મજબૂત કરી રહ્યા છે. વ્યવહારને સાચવીને મંદિરે સમયાવકાશે આવવાનો હળવો અનુરોધ સ્વામીશ્રી કરી રહ્યા છે. કારણ કે સ્વામીશ્રી સમક્ષ ગુણભાવી હરિભક્ત છે. ત્રણ વર્ષની વયનો શ્રદ્ધાનો કુમળો છોડ છે.

વનસ્પતિના ઉછેર માટે પાણીની આવશ્યકતા તો છે જ, પરંતુ વૃક્ષના ઉછેર માટે પ્રવાહ વહેવડાવવો પડે છે, જ્યારે છોડના જતન માટે સિંચન કરવું પડે છે. સ્વામીશ્રી આ દૃષ્ટિકોણ યથાર્થપણે જાણે છે. એટલે વ્યક્તિને પારખીને આગ્રહ

અને અનુરોધનો માર્ગ અખત્યાર કરી શકે છે. જેથી ઉભયપક્ષે સુખદ પરિણામ આવે છે.

વિલિયમ જેમ્સ કહે છે કે જે સાઇકલની ચેઇન ખૂબ ટાઇટ હોય તે કદી ગતિ નહીં કરી શકે. આ વિધાનનું પ્રતિવાક્ય પણ એટલું જ સાચું છે કે જે સાઇકલની ચેઇન ખૂબ ઢીલી હોય તે પણ કદી ગતિ નહીં કરી શકે. સિતારના તાર ઢીલા હોય કે કડક-સૂરીલું સંગીત નહીં રેલાય.

ક્યારે તાર ખેંચવો અને ક્યારે ઢીલો મૂકવો તે સ્વામીશ્રી સારી રીતે જાણે છે. તેમના આ કસબને કારણે જ હરિભક્તોની જીવનવીણા નિયમપાલનનું સૂરીલું સંગીત રેલાવી રહી છે.

ભાવજગતનો વ્યવહારુ ન્યાય

સ્વામીશ્રીના વિદેશપ્રવાસ દરમ્યાન લંડનમાં ઉકાળાપાણી બાદ મુલાકાતો ચાલી રહી હતી. એક હરિભક્ત સ્વામીશ્રીને કહે : 'મારા સસરાને સંધિવા છે. ડૉક્ટરો કહે છે કે ડુંગળી-લસણ ખાઓ.' સ્વામીશ્રી આ વાત સાંભળતાં જ આગ્રહપૂર્વક તેનો નિષેધ ફરમાવતાં કહે : 'ના. એની જરૂર જ નથી. બધું ભગવાનના હાથમાં છે. એને સોંપી દેવું. ડૉક્ટરને પણ કહી દેવું કે બીજી દવા હોય તો આપ.'

વરખેડા(મહારાષ્ટ્ર)માં આપણા સત્સંગીઓ રહે છે. તે પ્રદેશની જમીનને અનુલક્ષીને તેઓ બધા ડુંગળીની ખેતી કરે છે. એક વાર ત્યાંના વિચરણ દરમ્યાન હરિભક્તો સાથેની ગોઠડીમાં સ્વામીશ્રીએ તેઓનો વ્યવહાર અને મોક્ષ સાચવતી ઉપયોગી શીખ આપતાં કહેલું : 'તમે બધાં અહીં રહો છો. ડુંગળીનો ધંધો કરો છો. બીજું કાંઈ થાય નહીં એટલે ખેતી કરવી પડે. પણ આપણે ડુંગળી ખાવી નહીં. વેચી દેવાની. સત્સંગ પાકો રાખવો.'

સ્મૃતિશાસ્ત્રો અનુસાર તો અભક્ષ્ય ખાનાર કે પકવનાર નિયમભંગના સરખા જ અધિકારી બને છે. પરંતુ સ્વામીશ્રીના ભાવજગતમાં 'અંધેરી નગરી ને ગંડુ રાજા'નો ન્યાય નથી. સ્વામીશ્રી જાણે છે કે બધાને એક જ લાકડીથી ન્યાય આપી શકાય નહીં. વ્યક્તિ અને વાતાવરણને લક્ષ્યમાં લઈને તેઓ જરૂર હોય ત્યાં થોડી સ્વતંત્રતા મૂકી પણ જાણે છે. જો કે આ સ્વતંત્રતા સ્વચ્છંદતામાં ન પરિણમે તેની તકેદારી પણ રાખે જ છે. ડુંગળી ખાવાની વાતમાં આપેલી સ્વતંત્રતા સ્વચ્છંદતાના દ્વાર સુધી પહોંચી ગયેલી એટલે સ્વામીશ્રીએ તેને

અટકાવી. જ્યારે વરખેડાના ભક્તોને નડતી વ્યાવહારિક મુશ્કેલીઓને નજર અંદાજ કરી તેઓને પણ અનુકૂળ માર્ગ કરી આપ્યો.

સ્વામીશ્રીના સુરતના રોકાણ દરમ્યાન જી.આઈ.ડી.સી.ના ડિરેક્ટર નરોત્તમ પ્રતાપજી સ્વામીશ્રીને મળવા આવ્યા હતા ત્યારે પણ સ્વામીશ્રીએ પોતાના પ્રયોગશીલ વ્યક્તિત્વનો પરિચય આપતાં તેઓને સલાહ આપેલી : 'તમે મત્સ્ય ઉદ્યોગના ડિરેક્ટર છો તેનો વાંધો નહીં પણ માછલાં ખાવાં નહીં. તેનું ધ્યાન રાખવું.'

વિશ્વના ઈતિહાસમાં એક અદ્‌ભુત પ્રમાણ મળી આવે છે. ઈંગ્લૅન્ડમાં રાજાશાહી નાબૂદ થઈ, આંતરવિગ્રહ થઈ ગયો. ઈંગ્લૅન્ડને કોમનવેલ્થ ઘોષિત કરવામાં આવ્યું. કોમનવેલ્થનું શાસન હતું. એ સમયે પ્યોરિટનો અથવા શુદ્ધિવાદીઓએ ઈંગ્લૅન્ડનાં બધાં જ થિયેટરો બંધ કરાવી દીધાં ! લગભગ વીસ વર્ષ સુધી ઈંગ્લૅન્ડની રંગભૂમિ બંધ થઈ ગઈ. સને ૧૬૬૦માં રાજાશાહીની પુનઃ સ્થાપના થઈ અને નાટકના ઈતિહાસમાં જેને 'રેસ્ટોરેશન કોમેડી' કહે છે એ આવી. લોકો વેર લેતા હોય એમ નાટકો જોવા લાગ્યા. એ કોમેડી પણ અત્યંત બિભત્સ બની ગઈ. કદાચ લોકોને થોડી સ્વતંત્રતા આપવાથી લોકો સ્વયં જ જવાબદાર બની જાય છે. તરત જ શરૂની બિભત્સતા ઓસરી ગઈ અને કોમેડી સ્વચ્છ બની ગઈ.

સ્વામીશ્રી ઘણી વાર થોડી સ્વતંત્રતા આપે છે પણ તેથી વ્યક્તિ સ્વયં જ અધિક જવાબદાર બની જાય છે. સ્વામીશ્રીએ હરિભક્તોમાં મૂકેલા વિશ્વાસનું વળતર ભક્તો બમણા વેગથી વાળી રહ્યા હોય તેવું ઘણીવાર જોવા મળ્યું છે. દક્ષિણ ગુજરાતના સાગરપુત્રોને સ્વામીશ્રીએ મત્સ્યાહાર મુકાવ્યો પણ અન્ય ધંધાકીય વ્યવસ્થા ન થાય ત્યાં સુધી જ મત્સ્યોદ્યોગની છૂટ આપી. જોકે ઘણા હરિભક્તોએ તો પોતાના આ ધંધાનો સામેથી ત્યાગ કરી દીધો.

સ્વામીશ્રીની પ્રયોગશીલતા હંમેશાં વિધેયાત્મક ફળ આપનારી જ રહી છે.

સ્વામીશ્રીની પંદરમી વિદેશ ધર્મયાત્રાને 'મંદિરયાત્રા' તરીકે ઓળખાવી શકાય. કારણ કે આ યાત્રા દરમ્યાન લંડન મંદિરનાં બાંધકામ અંગેની સઘન ઝુંબેશ સ્વામીશ્રીએ પોતે જ આદરી હતી. વૃદ્ધ સ્વામીશ્રીનો નવયુવાન ઉત્સાહ જોઈ ત્યાંના મંડળમાં પણ જાગૃતિ આવી. લોકોએ ગજા ઉપરાંતની સેવાઓ નોંધાવી. કિશોરોએ પણ પોતાના મોજશોખ પર કાપ મૂકી સેવાયજ્ઞમાં

ઝંપલાવ્યું. ચંદ્રેશ નામનો એક કિશોર પોતે લીધેલા નિયમોનું ફોર્મ સ્વામીશ્રીને બતાવી રહ્યો હતો. સ્વામીશ્રી તે જોઈ રહ્યા હતા અને સંમતિસૂચક ઉત્તર વાળતા જતા હતા. 'કેન કલેક્શન... એ તો થશે જ. આ અંગત ખર્ચનું બરાબર રાખવું...' ફોર્મ જોતાંજોતાં નિર્જળા એકાદશીનો નિયમ આવ્યો. સ્વામીશ્રી અટક્યા ને થોડીવાર પછી કહે : 'નિર્જળા ઉપવાસ... તે એક ભારે પડે તો જ્યુસ લેજે...' સ્વામીશ્રીએ કિશોરવયને પારખીને દઢતાને સંકોચી. સ્વામીશ્રીની આ પ્રયોગશીલતાને કારણે ચંદ્રેશ ફરાળી એકાદશી કરવા માટે તો પ્રતિજ્ઞાબદ્ધ થઈ જ ગયો.

વૈષ્ણવી પરંપરાનો એક નિયમ છે કે ચાતુર્માસ દરમ્યાન રીંગણ ન ખાવાં. આ ચાર માસ દરમ્યાન સંસ્થાના નાના મોટા કોઈપણ મંદિરમાં રીંગણનું શાક બને જ નહીં. સ્વામીશ્રીના બોચાસણના રોકાણ વખતે ચંદુ ભગત કે જેઓ વિદ્યાનગર છાત્રાલયનું રસોડું સંભાળતા હતા તે સ્વામીશ્રીને પૂછવા આવ્યા કે 'છાત્રાલયમાં છોકરાઓ પૂરતું ઊંધીયું વગેરે કરવું હોય એમાં આ ચાતુર્માસ દરમિયાન રીંગણાં નાંખીએ ?' સ્વામીશ્રી આ પ્રસ્તાવનો સ્પષ્ટ ઇન્કાર કરતા કહે : 'એની જરૂર જ નહીં. અત્યારે એક નાની તડ પડે એમાંથી આગળ બાકોરું મોટું થાય. જરૂર જ નથી.'

બંધમાં પડેલું કાણું ઢોર ચારનારા ભરવાડને સારું લાગે છે પણ ઈજનેરને તેમાં તારાજીનાં દર્શન થાય છે. સ્વામીશ્રી પાસે આવી ઈજનેરી દૃષ્ટિ છે. જરૂર લાગે ત્યાં તેઓ આગ્રહપૂર્વક નિયમપાલનનો અનુરોધ કરે જ છે.

બંધમાં પડેલી નાનીશી તડ બંધ તોડે છે પરંતુ તે જ બંધમાં આવેલાં પાણી છોડવાનાં પાટિયાં બંધ તોડતા નથી કારણ કે તેની પાછળ ક્યારે, કેટલું, કેવી રીતે પાણી છોડવું તેનું ગણતરીપૂર્વકનું આયોજન હોય છે. તેથી તેમાંથી પાણી છૂટે છે છતાં બંધ તૂટતો નથી અને અંતે છૂટેલું પાણી સૂકી ધરતીને પણ લીલીછમ કરી નાંખે છે.

સ્વામીશ્રી ક્યારેક જે બાંધછોડ કરે છે તે બંધમાં આવેલાં પાટિયાંની ગરજ સારે છે. તેનાથી તૂટ તો પડતી નથી પરંતુ તે જ અંતે કલ્યાણકારી અને નિયમને સુદઢ કરાવનારી બની રહે છે.

૧૯૯૪ની વિદેશયાત્રા દરમ્યાન ગ્રહણ આવવાનું હતું, ત્યારે પાણી પહેલાં પાળ બાંધતાં સ્વામીશ્રીએ ગ્રહણના આગલા જ દિવસે આશીર્વાદ આપતાં કહ્યું :

'પંડિતજીએ (પૂ. શ્રુતિપ્રકાશ સ્વામી) જાહેર કર્યું. ઘરણ (ગ્રહણ) ટાણું છે એટલે સવારે પૂજા પણ નથી. કથાવાર્તાય નથી. કાલનો દિવસ રેસ્ટ. ઘેર બેઠા ભજન-કીર્તન કરી લેવું. સાંજે પાછાં દર્શન થશે. હાફ ડે રેસ્ટ છે.' ગ્રહણની સભામાં સૌ આવે પછી બધાં જ વસ્ત્રસહિત સ્નાન ન કરે, શુદ્ધિ ન જાળવે તે સ્વામીશ્રીને પસંદ નથી. એટલે ઘેર બેઠાં ભજન કરવાની આજ્ઞા તેઓએ કરી.

આવી અનેક શિથિલ થયેલી પ્રણાલીઓને સ્વામીશ્રીએ નિયમોની સાંકળથી સાબૂત અને મજબૂત બનાવી છે. પ્રણાલીઓના જાગૃત પ્રહરી તરીકે સ્વામીશ્રીની આ સ્પર્શી જાય તેવી પ્રયોગશીલતા છે.

સ્વામીશ્રી વય, વ્યક્તિ, વાતાવરણ, દેશ, કાળ વગેરેને ધ્યાનમાં રાખીને જે આગ્રહમાં ક્યારેક બાંધછોડ કરે છે તેની પાછળ નિયમોને ગૌણ કરવાનો તેઓનો આશય લેશપણ નથી હોતો. શ્રીજીમહારાજે બાંધેલી મર્યાદાઓ ત્રિકાલાબાધિત છે તે સ્વામીશ્રી જાણે છે. અમદાવાદમાં આશીર્વર્ષા દરમ્યાન તેમણે જણાવેલું : '...શ્રીજીમહારાજે આ લોકમાં પધારીને શુદ્ધ સંપ્રદાય સ્થાપ્યો. કોઈ મુશ્કેલી ન આવે એવા નિયમધર્મની સ્થાપના કરી. દરેકને માટે આજ્ઞા આપી જેથી કોઈ મુશ્કેલી જ ન આવે. અત્યારે ભૌતિકવાદનો જમાનો છે એટલે બુદ્ધિની રીતે કદાચ વિચારો બેસે નહીં. જૂનવાણી લાગે. પણ મહારાજની વાત જૂનવાણી છે જ નહીં. જ્યારે જુઓ ત્યારે વર્તમાનકાળની જ છે. આ આજ્ઞાને લોપીને કોઈ માયાથી પર થઈ જ શકે નહીં. અમને ઘણાં કહે છે કે સ્ત્રી-પુરુષ મર્યાદા શું કામ ? અત્યારે સરખો જમાનો છે. પણ શ્રીજીમહારાજને રાજી કરવા હોય તો મર્યાદા રાખવી જ પડે. એમાં બાંધછોડ ન થાય. બીજાં અંગો કપાય એનો વાંધો નથી પણ ગળું કપાય તો ? મરે જ. એમ આ નિયમનો લોપ થાય એટલે ગળું કપાણું. માટે આ વાતને નિરંતર મજબૂત કરવી...'

શ્રીજીમહારાજે ઘડેલા નિયમો પ્રત્યે સ્વામીશ્રીની આ દૃષ્ટિ છે.

સંપ્રદાયના પ્રાણ સમી પ્રણાલીઓમાં તો સ્વામીશ્રી ક્યારેય લેશપણ બાંધછોડને અવકાશ આપતા જ નથી પણ અન્ય નિયમોમાં અમુક વખતે જે બાંધછોડ કરે છે તેમાં પળ અને પરિસ્થિતિને પામવાની પરિપક્વતા રહેલી છે. જ્યારે પળ પાકે ત્યારે સ્વામીશ્રી અવશ્ય નિયમપાલન પ્રત્યે હરિભક્તો-સંતોને દોરી જાય છે.

તૂટી પડવાનું નથી. પણ તેના રોકડા, બરછટ, જાડા અને છીછરા સ્વભાવોને ધીરેધીરે હળવે-હળવે ટપારીને, તો ક્યારેક પટાવીને પરિશુદ્ધ કરતાં રહેવાનું છે. તેઓના આ અભિગમને કારણે જ તેઓ સમાધાનકારી વલણ અપનાવી શકે છે, ભક્તો-સંતો પાસે નિયમો પળાવી શકે છે.

સ્વામીશ્રીના આ પ્રયોગશીલ વ્યક્તિત્વની આધારશિલા છે- તેમની નિઃસ્વાર્થ ભાવના. જે સ્વાર્થી હોય તે જડતા-દૃઢતાનું સંતુલન સહેલાઈથી ગુમાવી બેસે છે.

પોરબંદરમાં એક યુવક સ્વામીશ્રીને મળવા આવ્યો. તેણે વાત કરી કે 'નાનપણથી હું અક્ષરદેરીની માનતા માનતો આવ્યો હતો એ મેં પૂરી કરી નથી અને મારી એ ડાયરી ખોવાઈ ગઈ છે. યાદ પણ નથી કેટલી માનતા માની હશે ! એટલે મને કંઈક પ્રાયશ્ચિત્ત આપો.' સ્વામીશ્રી તેના ભારને હળવો કરતાં કહે : 'દેરીની દોઢસો પ્રદક્ષિણા કરી લેજે.' પછી અચાનક જ પૂછ્યું : 'રવિસભામાં જાય છે ?'

'ના.'

સ્વામીશ્રી તરત જ કહે : 'એ મોટી માનતા છે. નિયમિત રવિસભામાં જજે. યોગીબાપા રાજી થશે.'

સ્વામીશ્રીનો આગ્રહ ક્યારેય સ્વાર્થની સંકુચિતતામાં પકડાયો નથી કે તેથી ખરડાયો નથી. નિયમપાલન દ્વારા ભક્તો સુખી બને એ જ એમની અંતરની ઈચ્છા રહી છે. કદાચ એટલે જ તેઓ સંતુલનકારી વલણ અપનાવી પ્રયોગશીલ બની નિયમો પળાવી શક્યા છે.

વિધેયાત્મક સદ્‌ગુણોના સંપોષક

ગીતામાં બે પ્રકારના ગુણો - સંપત્તિનો ઉલ્લેખ છે. એક નકારાત્મક ને બીજો હકારાત્મક. નકારાત્મક ગુણોમાં અમુક ન કરવાપણું છે જ્યારે બાકીના ગુણો છે તે હકારાત્મક છે- અમુક કરો.

જો જીવનની ખેતીમાંથી ઉત્તમ પાક લેવો હોય તો એ ક્ષેત્ર પ્રથમ સાફસૂતરું કરવું પડે. તેને ખેડી નાખવું પડે. નકારાત્મક ગુણોથી જીવનનું ક્ષેત્ર ખેડીને વાવણી કરવા તૈયાર કરવાનું છે. પરંતુ એ ગુણો જ પૂરતા નથી. જો હકારાત્મક ગુણોની વાવણી જ ન કરી તો કેવળ નકારાત્મક ગુણોથી જીવન સમૃદ્ધ થઈ શકતું નથી.

કોઈ પુરુષ અંગે એમ કહેવામાં આવે કે તેમણે અમુક અમુક ખરાબ કામો કર્યાં નથી, તો એ ગુણો સ્વાભાવિક રીતે અપેક્ષા જગાડે છે કે એમણે સારાં કાર્યો પણ કર્યાં હશે. પરંતુ આપણે નકારાત્મક ગુણોના ભેદ અને મહત્ત્વને એના સાચા અર્થમાં સમજ્યા નથી એટલે કેવળ પહેલા પ્રકારના ગુણને જ સિદ્ધિ માની લઈએ છીએ.

આઝાદી પછી આપણે સેવેલાં સ્વપ્ન સિદ્ધ થઈ ન શક્યાં તો એનું કારણ ગુલામીકાળમાં જેમનામાં નિષેધાત્મક ગુણ જોવા મળતા હતા, તેમનામાં વિધેયાત્મક ગુણો હોય જ તેમ માનીને સૌ ચાલ્યા હતા. પરંતુ આઝાદી પછી નવસર્જનમાં એ ગુણોની જરૂર પડી ત્યારે પારખું થયું કે એ ગુણો એમનામાં નહોતા.

કોઈ વ્યક્તિને કે આપણી જાતને નિષ્ક્રિય ગુણોની મૂડી પર મદાર સજ્જન માની છાતી ફુલાવીએ તેથી સાચી શ્રીમંતાઈ પ્રાપ્ત થતી નથી. જ્યાં સુધી વિધેયાત્મક ગુણો કેળવાય નહીં ત્યાં સુધી તેજ પ્રગટતું નથી. માટે જો જીવન સમૃદ્ધ બનાવવું હોય તો બંને પ્રકારના ગુણો ખીલવવા પડશે.

ઘણીવાર હરિભક્તો બહારનું ન ખાવું, સિનેમા-નાટક ન જોવા, વિકૃતિને પોષે તેવાં રાસ-ગરબામાં ન જવું, દારૂ-માંસ ન લેવા... જેવા નિષેધાત્મક ગુણોના વિકાસથી અટકી જાય છે. તેમાં જ સાધનાની ઇતિશ્રી માની લે છે. પરંતુ સ્વામીશ્રી ગીતાકથિત બંને સંપત્તિના સુયોગનું મહત્ત્વ સારી રીતે જાણે છે એટલે જ નિષેધાત્મક ગુણોની સાથે સાથે વિધેયાત્મક ગુણબીજ- રવિસભામાં જવું, નિત્યપૂજા કરવી, તિલક-ચાંદલો કરવો, ઘરસભા કરવી, નિયમિત આરતી કરવી, ચેષ્ટા બોલવી આવા વિધેયાત્મક નિયમોની પણ એટલી જ માવજત કરે છે. તેને પણ પૂર્ણ કાળજી સાથે ખીલવવાનો ખટકો રાખે છે. ફળસ્વરૂપે ભક્તોનું જીવન ભક્તિની હરિયાળીથી સમૃદ્ધ બની રહે છે.

હરિલીલામૃતમાં કહ્યું છે :

'સત્સંગનો કૃષ્ણકથા જ પાયો; જો તે કદાપિ નબળો જણાયો,
સત્સંગરૂપી શુભ તો હવેલી, પડી જવાની ગણવી વહેલી.'

સત્સંગની ઇમારત કથાના પાયા પર ટકેલી છે. સ્વામીશ્રી આ સત્યને જાણે છે એટલે વખતોવખત કથાવાર્તાનો અનુરોધ કરે છે. અમદાવાદમાં કથાની અગત્યતા સમજાવતાં સ્વામીશ્રીએ કહ્યું હતું : 'કવાયત એ શરીરબળની વાત

છે. ખાલી એનાથી કામ સરે નહીં. આત્મબળ પણ જરૂરી છે. આત્મબળ હોય તો માયાની સામે ટક્કર ઝીલી શકાય. એના માટે કથાવાર્તા-કીર્તન રોજની કવાયત છે. કથાવાર્તાના અખાડામાં બેસીએ તો આપણને બળ રહે. સંસારની અનેક વિટંબણાઓમાં બળ રહે. રવિસભામાં પણ જવું. ઘરે પણ ગ્રંથોનું વાંચન કરવું. કથાવાર્તાનું અંગ હોય તો સત્સંગ ગૌણ ન થાય. ગમે એની વચમાં જઈએ તોય ફેર ન પડે. બધાંને હળીએ-મળીએ, બધું થાય પણ નિયમધર્મ ને સત્સંગ દૃઢ રહે. પ્રસંગ આવે તો ય લેવાઈ જવાય નહીં. આપણો સત્સંગ જોઈને બીજાને ય દૃઢ થઈ જાય. લાખનો લાભ થતો હોય તોય જીવમાં કુસંગ પેસે જ નહીં.'

તૂટતા જતાં કુટુંબજીવનને બચાવવા માટે સ્વામીશ્રીએ 'ઘરસભા'નું અભિયાન શરૂ કર્યું છે. સ્વામીશ્રીની પોતીકી દૂરંદેશી દૃષ્ટિનો જ આ પરિપાક છે. 'ઘરસભા' એ મોટા ભાગના કૌટુંબિક પ્રશ્નોને ટૂંક સમયમાં જ ઉકેલી નાખતી અદ્‌ભુત જડીબુટ્ટી સમાન છે. તેથી જ સ્વામીશ્રી તેનો ખૂબ આગ્રહ રખાવે છે. પ્રસંગોપાત્ તેની મહત્તા ઘૂંટાવતાં કહે છે : 'ભગવાનની કથાવાર્તા દર્શનથી જ હળવા થશે. માર્ગદર્શન મળશે. એટલા માટે જ રોજ ઘરસભાની વાતો કરીએ છીએ. તમને (હરિભક્તોને) થાય કે અમે તો સંસારી રહ્યા એટલે અમારા કુટણામાં આ કામ (ઘરસભા) ન થાય. પણ બીજો ટાઈમ મળતો હોય તો આ મળે જ. ઈશક જોઈએ. આ વસ્તુ જીવમાં સમજાય તો વાંધો ન આવે. આળસુ થઈને બેસી રહે તો કાંઈ ન મળે. માટે આળસ છોડીને કથાવાર્તા, ઘરસભાનો આગ્રહ રાખવો.'

૧૯૯૪ની વિદેશયાત્રા દરમિયાન મળેલી નવરાશમાં વિધેયાત્મક ગુણોની ફસલ પકવવા સંતોને આગ્રહ કરતાં સ્વામીશ્રીએ હેતવચન અને હિતવચન ઉચ્ચાર્યાં હતા : 'કથા-આરતી-ચેષ્ટા રોજ કરવી. એ કરવાનું છે. ભેગા બેસીને કરવું. બે તો બે, પણ ખૂણામાં એકલા કરે એ શોભા નહીં. સમૂહમાં થાય એ કરવું. આ આપણી શોભા છે તો નિયમિત કરવાનું છે. તે વિના પ્રગતિ દેખાશે, બહારનાને ગુણ આવશે પણ આપણને વ્યક્તિગત શાંતિ નહીં થાય. એમાં ખટકો રાખવો. આ તો ઠાકોરજીનાં દર્શન કર્યાં ન કર્યાં ને નીચે ઊતરે. આરતીમાં વાતો કરે. એ થાય જ નહીં. મહિમા સમજવો. પૂજામાં દસ મિનિટ તો દસ મિનિટ પણ વ્યવસ્થિત પૂજા. આ તો પૂજામાં વાતો કરે, કામ કરવા

ઊભા થાય. એમાં બરકત ન આવે. રવિવારની સભામાં પણ સંતોએ સમ.સ્માં જવું. કથાવાર્તા, ભજન-ભક્તિ બરાબર કરવી. તમે બધા કરશો તો ર બીજા કરશે. અત્યારથી અંગ પાડી દેવું, કથાવાર્તા-ભજન-કીર્તન-ભક્તિનું અંગ બંધાય તેમ કરવું... વચનામૃત-વાતો રોજ વાંચવાં જ. વાંચનનું અંગ રાખવું.'

શરીરના આરોગ્ય માટે કસરત જરૂરી છે. પરંતુ કસરત કરીને કેળવાયેલું તંદુરસ્ત શરીર જો કંઈ બીજો પુરુષાર્થ ન કરે તો એ આરોગ્ય-પ્રાપ્તિને કારણે કોઈ જ સિદ્ધિ હાંસલ થતી નથી. આરોગ્ય-પ્રાપ્તિ એ સમાપ્તિ નથી પણ શરૂઆત છે. તેવી જ રીતે કેવળ નકારાત્મક ગુણસંપત્તિથી બંધાયેલો પિંડ બાહ્યાકાર પકડતો નથી પરંતુ આ બંધાયેલા પિંડ પર વિધેયાત્મક ગુણોના ચાસ પાડવા પડે છે. સ્વામીશ્રી વખતો વખત તે માટેનો આગ્રહ સેવી આ પરિશ્રમ કરે છે.

રાજનીતિના કુટિલ રંગોથી રંગાયેલી દિલ્હી નગરીમાં સ્વામીશ્રીએ અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા કરી એક ઈતિહાસ સર્જ્યો છે. આ ઐતિહાસિક પ્રતિષ્ઠાવિધિમાં ભાગ લેવા માટે ઘણા બધા સંતો પણ અત્રે પધારેલા. આ સંતોની પધરામણી દિલ્હીમાં વસતા ગુજરાતીઓએ પોતાનાં ઘરોમાં કરાવી સારો લાભ લીધો હતો. આ પધરામણીઓનો અહેવાલ આપતા કિશોરસિંહ રાણા નામના હરિભક્તે સ્વામીશ્રીને કહ્યું : 'આજે બધા નવરા પડ્યા એટલે ગુજરાતવિહારમાં ઘેરઘેર બધા સંતોની પધરામણી કરાવી. અહીં બહારગામથી આવેલા જે જે હરિભક્તો રહ્યા છે એ બધા એવી સુંદર છાપ મૂકતા ગયા છે કે લોકોએ સામેથી પધરામણીઓ કરાવી અને ઘણાંએ નાનાં-મોટાં વ્યસનો છોડ્યાં. આ ઉત્સવની સૌ પર ખૂબ મોટી છાપ પડી છે.' વાત સાંભળી સ્વામીશ્રી કહે : 'હવે બધાને રોજ મંદિરે આવવાની, સભામાં આવવાની ટેવ પાડવી.'

સ્વામીશ્રી અત્યંત સૂક્ષ્મ દૃષ્ટિવાળા પુરુષ છે. તેઓ છીછરી સફળતામાં રાચતા નથી. વ્યક્તિ કેવળ વ્યસનો છોડે તેમાં જ તેના ઉત્કર્ષની અવધિ નથી આવતી. આ દુનિયામાં આસ્તિકતાને દૃઢાવનાર જૂજ છે, સ્વામીશ્રી આ મૂળ સુધી પહોંચે છે કારણ કે તેમને આમૂલ પરિવર્તનમાં રસ છે. એથી જ તેઓનો અભિગમ નિષેધાત્મક ગુણસંપત્તિથી માંડીને વિધેયાત્મક ગુણસંપત્તિ સહિતના વિશાળ ફલકને આવરી લે છે.

* * *

૫. આધારશિલા-અણીશુદ્ધ આચરણની

માર્ટીન બૂબરે 'ટેલ્સ ઑફ હસિડિમ'માં પોલૅન્ડના રબાઈનો એક પ્રસંગ આલેખ્યો છે.

હંમેશાં સફરમાં રહેતા એક ધર્મગુરુ એક ગામમાં ધાર્મિક વ્યાખ્યાનો આપતા હતા. પાંચ-છ દિવસ દરમ્યાન તેમને સાંભળવા આવતા શ્રોતાવૃંદમાં સતત વધારો થતો રહ્યો, પણ વ્યાખ્યાનના અંતે તેની પોથી પર દક્ષિણા સાવ નજીવી જ એકઠી થતી. એક વાર એ વ્યાખ્યાન આપી રહ્યા હતા, ત્યાં કોઈકે આવી શ્રોતાઓને કહ્યું : 'લુબલીન(પોલૅન્ડનું એક શહેર)ના મહાન સંત આવ્યા છે.'

આ સમાચાર સાંભળતાં જ એક પછી એક શ્રોતા ઊભા થઈ લુબલીનના સંતના ઉતારા પર જવા માંડ્યા. થોડીવાર પછી તો ધર્મગુરુ સાવ એકલા જ રહી ગયા. એ ધર્મગુરુ પણ ત્યાં ગયા. લુબલીનના સંત તો અલમસ્તાઈમાં બેઠા હતા. ભાવિકો તેમની આગળ ભેટ ધરી રહ્યા હતા. જે શ્રોતાઓ રોજ પોતાને સાંભળવા આવતા અને પોથી પર કશું જ મૂક્યા વિના ચાલી જતા, એ જ શ્રોતાઓ અહીં આ સંતનાં ચરણોમાં સોના અને ચાંદીના સિક્કા મૂકી રહ્યા હતા.

બધા વિખરાયા પછી ધર્મગુરુ સંત પાસે ગયા અને પૂછયું : 'બધા તમારા જેવા સંતનો આદર કરે તે તો બરાબર છે પણ મને સમજાતું નથી કે જે માણસો મારા વ્યાખ્યાન પછી ફૂટી કોડી પણ પોથી પર નહોતા મૂકતા તે અહીં સોના અને રૂપાના સિક્કા મૂકીને ગયા. આમ કેમ ?'

સંતે કહ્યું : 'આપણા મનમાં જે હોય તે સામાના મનમાં ઊગે.'

'એ કઈ રીતે ?'

'એ વાત પછી કરું. પહેલાં તો તું આ બધા પૈસા લઈ લે. તને એની જરૂર છે.'

પેલા ધર્મગુરુએ તો એકેએક સિક્કો વીણી લીધો. પછી પૂછ્યું : 'પણ તમે વાત તો અધૂરી રાખી.'

'પણ તેં પૂરી કરી ને ?'

'મેં ?'

'હા. મારા મનમાં અપરિગ્રહ છે. મને કંઈ જોઈતું નથી. તો બધાને પોતાની પાસે જે કંઈ હોય તે મૂકતા જવાનું મન થાય છે. તેમના મનમાં પણ અપરિગ્રહનો પડઘો પડે છે. પણ તારા મનમાં પરિગ્રહ છે. એટલે તું શ્રોતાઓના મનમાં પરિગ્રહ જગાડે છે. એ પૈસા આપવાને બદલે સંઘરે છે.'

આચારરૂપે અવતરે નહીં તે શબ્દ વાંઝિયો છે. તે કોઈના પણ પ્રતિભાબીજની માવજત ન કરી શકે.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે 'આ મંદિરમાં ખરડો તો હજી સુધી કર્યો જ નથી.' (૧-૨૭૩) સ્વામીના બૃહદ્ વૈરાગ્યની ચિનગારી હરિભક્તોમાં પણ પ્રગટેલી. તેઓ પોતાનું ધન સત્સંગ સિવાય ક્યાંય વાપરતા નહીં.

નિયમપાલન બાબતે સ્વામીશ્રીની પણ આ જ રીત છે. પોતે સ્વયં જ વર્તન દાખવીને એવો માહોલ રચે છે કે સૌને નિયમ પાળવાની સહેજે પ્રેરણા મળે, બળ પ્રાપ્ત થાય.

કર્મયોગી ! નમું નમું

એક ચિંતકે કહ્યું છે કે : An ounce of practise is more than tonnes of theories. - આચરણનો એક અંશ કેવળ વાતોની વખાર પર

એમની માલિકીની છે છતાં આ પુરુષે વિચરણનો વિશ્વવિક્રમ પ્રસ્થાપિત કર્યો છે એ એમની અનોખી વિશેષતા છે. પરંતુ એથી પણ અધિક અને અદકેરી વિશેષતા તો એ છે કે આટલી પ્રવૃત્તિમાં પરોવાયેલા હોવા છતાં તેઓ પરમાત્માને પળવાર વિસર્યા નથી. તેઓની પ્રવૃત્તિનાં કુંડાળાં પરમાત્મારૂપી ધરીની આસપાસ જ રેલાયાં છે. વિચરણ દરમિયાન પણ કથાવાર્તા-કીર્તન-ભજન-આરતી-ચેષ્ટા... નો આગ્રહ જેવો અન્ય માટે પોતે રાખે એથી સવાયો પોતાના માટે રાખે છે.

હૃદયરોગનો હુમલો, આંખે મોતિયાનું ઑપરેશન, ગોલબ્લેડરનું ઑપરેશન... આવી ગંભીર બિમારીઓમાં પણ પોતે સ્વયં નિત્યપૂજા કરવાનો આગ્રહ રાખ્યો છે. જૂજ પ્રસંગોમાં જ તબીબોની સલાહને લક્ષમાં લઈને પોતાની પૂજા અન્ય સંતોને કરવા માટેની છૂટ તેઓએ આપેલી છે. પણ જ્યારે પોતે સ્વસ્થ થઈ જાય કે તરત જ સ્વયં પૂજાનો આગ્રહ રાખે.

આંખે મોતિયાની તકલીફ અને નેત્રમણિને ધ્યાનમાં રાખીને તબીબોએ સ્વામીશ્રીને કંકુનો ચાંદલો કરવાની મનાઈ કરી. સેવકોએ પણ સ્વામીશ્રીને વિનંતી કરી. પરંતુ સ્વામીશ્રીએ હજી સુધી તે વાત સ્વીકારી નથી. આંખમાં કંકુના કણ પડે તેથી તકલીફ તો પડતી જ હોય, છતાં પે તેને વેઠીને પોતે કંકુનો ચાંદલો જ કરે છે. તિલક-ચાંદલો કરવાનો આગ્રહ રાખતી વેળાએ તેમની વાણીમાં જે જોમ દેખાય છે તે આ વર્તનનું હીર છે.

નિત્યપૂજામાં પણ પૂર્વમુખે કે ઉત્તરમુખે જ પૂજા કરવાનો આગ્રહ પણ અવશ્ય રાખે. જો તેમાં કોઈ ફેરફાર કરવાનો આગ્રહ સેવે તો સ્પષ્ટ ઈન્કાર વ્યક્ત કરે છે.

સ્વામીશ્રી એક વખત ટોરન્ટો(કેનેડા)માં હતા. પ્રાતઃભ્રમણ બાદ પૂજા માટે પધાર્યા. પૂજા માટે પાથરવામાં આવેલી પાટને જોતાં જ અધ્યાત્મજીવન સ્વામીને પૂજાની દિશા બાબતે પૂછ્યું. તે સંતે કહ્યું કે : 'સૌ હરિભક્તો દર્શનનો આનંદ લઈ શકે એટલે પૂજા જુદી દિશામાં ગોઠવી છે.' સ્વામીશ્રીએ તેમને નિયમની સાચી દિશા ચીંધતાં કહ્યું : 'હરિભક્તોને અનુકૂળ આવે કે ન આવે પણ આપણે આપણી રીતે જોવાનું. હરિભક્તો ગમે તે કહે પણ આપણા નિયમ-ધર્મમાં રહીને જ બધું કરવાનું.' હરિભક્તો માટે સ્વામીશ્રીએ પોતાનો દેહ કૃષ્ણાર્પણ કરી દીધો છે. પોતાના જીવનની

પ્રત્યેક ક્ષણ તેઓએ હરિભક્તોને રાજી રાખવામાં જ ખર્ચી નાખી છે. પરંતુ નિયમપાલનની બાબતમાં સ્વામીશ્રી અફર રહે છે, આગ્રહી રહે છે.

અમદાવાદમાં બંધાયેલા નવા સભામંડપમાં સ્વામીશ્રી પ્રથમવાર પૂજા કરવા પધારી રહ્યા હતા તે વખતે પણ પૂજાની વિરુદ્ધ દિશા બાબતે સ્વામીશ્રીએ સહેજ પણ નમતું મૂક્યું ન હતું. નાના નિયમો માટેનો પણ સ્વામીશ્રીનો આવો કડક આગ્રહ જોઈએ છીએ ત્યારે શ્રીહરિનાં વચનો યાદ આવે છે. શ્રીજીમહારાજ ગ.અં.૩૮ માં કહે છે કે : 'ભગવાનના અલ્પ વચનમાં ફેર પડે તો મહત્ વચનમાં ફેર પડ્યો હોય તેમ માનતા હોય તેવા ભગવદ્ ભક્ત મોટા સાધુ તે સંગાથે પોતાના જીવને જડી દેવો.'

સ્વામીશ્રીની આ તાસીર છે. આ તાસીર જ નિયમપાલનની અમીટ તસવીર સૌના માનસપટ પર અંકિત કરી જાય છે.

પરાભક્તિ, નિયમ અને દૃઢતાની ત્રિવેણી

સ્વામીશ્રી જ્યાં, જેટલું, જે કંઈ કરે છે તે અંતરની આરતથી અભીષ્ટને આરાધવા માટે જ કરે છે. એટલે એમની પ્રત્યેક ક્રિયા આરતીની પવિત્રતાની ઊંચાઈએ પહોંચતી હોય છે. છતાં પણ જીવનમાં તેઓ આરતીનો ચુસ્ત આગ્રહ સેવે છે.

એક વખત સ્વામીશ્રી ધારીમાં હતા. સ્નાન વગેરેથી પરવારીને મંદિરે દર્શન કરવા પધાર્યા. સ્વામીશ્રી ઠાકોરજીની પ્રદક્ષિણા કરતા હતા તે દરમ્યાન વૃદ્ધ પૂજારી દેવરાજભાઈ આરતી પ્રગટાવી રહ્યા હતા. એ જોઈને એક સંત તેમને કહે : 'આરતી તો થઈ ગઈ છે. હવે જરૂર નહીં, રહેવા દો.' તરત જ સ્વામીશ્રી સહેજ અકળાઈને કહે : 'ભલે ને પ્રગટાવે ! કરવા દો ને ! બે મિનિટમાં શું વાંધો આવી જવાનો છે ?' એમ કહીને પ્રદક્ષિણા પૂરી કરી સ્વામીશ્રીએ આરતી કરી.

ઠાકોરજીની ભક્તિ સંબંધી ક્રિયાઓમાં, તે સંબંધિત ધર્મ-નિયમ પાળવામાં સ્વામીશ્રીને ધરવ થતો જ નથી. નિત્ય નવા ઉત્સાહ અને નવીન ઉન્મેષથી સ્વામીશ્રી નિયમો પાળે છે ત્યારે તેમને દિવ્યભાવે અનુસરતા સાધકને પણ નિયમ પાલનનો માર્ગ આગળ ને આગળ સૂઝતો જાય છે.

સંતો માટે સ્વામીશ્રી મંગળા, શણગાર અને સંધ્યા આરતીમાં જવાનો આગ્રહ અચૂક રાખે છે. ગમે તેવી પ્રવૃત્તિને પણ હડસેલીને આ ત્રણ આરતીમાં જવાનો

આગ્રહપૂર્વક અનુરોધ કરતા સ્વામીશ્રીને વારંવાર નિહાળ્યા છે. મુસાફરી દરમિયાન અનુકૂળતા ન હોય તો વાહનમાં પણ આરતી બોલવાનો આગ્રહ તેઓ રાખે છે. પોતે પણ વિચરણ દરમિયાન ગાડીમાં આરતી-અષ્ટક અવશ્ય બોલી લે છે. જ્યાં સુધી સ્વાસ્થ્ય સારું હતું ત્યાં સુધી દર્શન બાદ દંડવત્ પણ અચૂક કરે. તેમાં જો કોઈ રોકે તો તે પર હળવો પુણ્યપ્રકોપ પણ ઠાલવે. હાલ નાજુક તબિયતને કારણે તબીબોએ દંડવત્-પ્રણામ કરવાની મનાઈ ફરમાવી છે છતાં પણ વિશેષ ઉત્સવો અને પ્રસંગોનું મિષ લઈને પોતે અચૂક કરી જ લે છે. અંતરમાં સતત વહેતી નિયમ પાલનના આગ્રહની ધાર તેઓને જંપવા દેતી નથી. પોતે સાષ્ટાંગપ્રણામ ન કરી શકે તેમ હોય ત્યારે પોતાના વતી સેવકોને કરાવે.

એક વખત સ્વામીશ્રી સારંગપુરમાં ઠાકોરજીનાં દર્શને પધાર્યા. છેલ્લા ખંડમાં પોતે દંડવત્-પ્રણામ કર્યા. બાદ સેવકો - પ્રિયદર્શન સ્વામી અને નારાયણચરણ સ્વામીને કહે : તમેય કરો. મારી સાથે હો ત્યારે હું દર્શન કરતો હોઉં ત્યારે તમારે પાંચ દંડવત્-પ્રણામ કરી જ નાંખવા.' પ્રિયદર્શન સ્વામી કહે : 'આપ દર્શન કરતા હો ને ગમે ત્યારે કંઈક વાત નીકળે તો લખવાની રહી જાય. એટલે મંગળામાં કે ગમે ત્યારે દર્શને આવીએ ત્યારે અત્યારના દંડવત્-પ્રણામ કરીએ જ છીએ.' નારાયણચરણ સ્વામીએ પણ કહ્યું. પરંતુ સ્વામીશ્રી આગ્રહ સેવતાં કહે : 'વધારે ભક્તિ થાય એમાં શું વાંધો છે ? કોઈ વાર થાય ન થાય. ઊભાંઊભાં પતી જાય એવું ના કરવું. તમે કરતા હો તોય લોકોને એમ લાગે કે સાથે ફરે છે ને દંડવત્ નથી કરતા. માટે કરી લેવા.' ખરેખર, *'પોતે પાળીને પછી પળાવ્યા'* એ પંક્તિ સ્વામીશ્રીમાં સાર્થ થતી જોઈ શકાય છે.

સવારની આરતી અને દર્શનની જેમ સ્વામીશ્રી સાયં આરતીનો પણ અત્યંત આગ્રહ રાખે છે. તેમાં પણ છેક અષ્ટક સુધી દર્શન કરવાનો ખટકો પણ રખાવે છે.

સ્વામીશ્રી માણાવદરમાં હતા. સભામાં ૭-૩૦ વાગ્યે પહોંચવું એવો સંદેશો આપ્યો હતો. ૭-૦૦ વાગ્યા હતા. સ્વામીશ્રી કહે : 'અહીં પણ બેસી જ રહેવાનું છે ને ! એના કરતાં ત્યાં જઈને બેસીએ તો શું ખોટું ?' એમ કહેતાં કોઈના પણ અભિપ્રાયની રાહ જોયા વિના બહાર આવી ગયા. ત્યાં સંધ્યા આરતી બાદ અષ્ટક બોલાતાં હતાં. સ્વામીશ્રીએ તે જોયું અને ચંપલ કાઢીને ખરબચડી લાદી

પર ઊભા રહીને અષ્ટક બોલવા લાગ્યા. અષ્ટક પૂરા થયા બાદ જ પટેલવાડીમાં આયોજિત સભામાં પધાર્યા.

સાયં આરતી પૂર્વે સ્વામીશ્રી ગોડીનાં પદો પણ બોલવાનો આગ્રહ રાખે છે. તીથલના દરિયા કિનારે સ્વામીશ્રી સાયંભ્રમણ કરી રહ્યા હતા ત્યારે રસ્તામાં ચાલતી વિવિધ પ્રકારની વાતો અટકાવીને સ્વામીશ્રી કહે : 'હરે મુકુંદ ! ગોડી ચાલુ કરો.'

નિયમપાલનની સૂક્ષ્મતાનાં પણ વારેવારે દર્શન તેઓના જીવનમાં થાય છે. ગમે તેવા સંજોગોમાં પણ નાના નિયમોમાં પણ તેઓ ચૂક પડવા દેતા નથી.

બ્રહ્મરસના ભોગી

ઠાકોરજીનાં દર્શન, આરતીની જેમ કથાનો, ગ્રંથવાંચનનો પણ સ્વામીશ્રીને એટલો જ ઇશક. શાસ્ત્રના તો તેઓ જાણે વ્યસની ! સ્થળ, સંજોગ કે સમય જોયા વિના આ નિયમનો આગ્રહ તેઓના જીવનમાં એકદમ સ્પષ્ટપણે દેખાઈ આવે છે.

સ્વામીશ્રી સોરઠના વિચરણ દરમ્યાન માણાવદર પધાર્યા હતા. સવારના ઉકાળાપાણી બાદ જૂના મંદિરે દર્શને જવાનું હતું. પરંતુ વિવેકસાગર સ્વામી હરિકૃષ્ણ મહારાજને લઈને એક દુકાનની વાસ્તુવિધિમાં ગયા હોવાથી નીકળવાને વાર હતી. એટલે બહાર ઓસરીમાં આસન બિછાવડાવ્યું અને વચનામૃત વાંચવાની આજ્ઞા કરી. ધર્મચરણ સ્વામી ગ. પ્ર. ૫૪ મું વચનામૃત કાઢી રહ્યા હતા ત્યાં જ સ્વામીશ્રી કહે : 'ગ. પ્ર. ૫૪ મું કાઢો.' અંતર્યામીપણે સંકલ્પ જાણીને વચનામૃત સારો એવો સમય લઈને સ્વામીશ્રીએ નિરૂપ્યું.

અનેકવિધ કાર્યોમાં વ્યસ્ત સ્વામીશ્રી પ્રવૃત્તિમાંથી પણ સમય સેરવીને કથાનો નિયમ પાળી લે છે.

માણાવદરમાં જ સ્વામીશ્રી બિરાજમાન હતા. શરીરે તાવ જેવું જણાતું હતું. છતાં પણ સ્વામીશ્રીએ સભામાં પધારીને પોણો કલાક જીવનના ધ્યેય પર સુંદર વાતો કરી હતી. તાવની બેચેન અવસ્થા પણ તેમના નિયમ-આગ્રહને રૂંધી શકતી નથી. નાજુક તબિયતમાં પણ સ્વામીશ્રી વધારે ખીલ્યા !

શ્રીજીમહારાજ ગ.મ.૨૯ માં લખે છે કે જેને ભગવાનમાં આસક્તિ હોય તે તો ગમે તેવો રોગાદિકે કરીને પીડા પામ્યો હોય તો પણ ભગવાનની કથાનો

પ્રસંગ નીકળે તો તે કરવા-સાંભળવામાં તત્પર થઈ જાય.

સ્વામીશ્રીની આસક્તિનું એ વિશિષ્ટ સ્વરૂપદર્શન હતું !

ભોજનવેળાએ પણ ગ્રંથવાંચન થતું હોય તો તેમાં પોતે તલ્લીન થઈ જાય છે. તેવે સમયે ભોજન ગૌણ થઈ જાય ને બ્રહ્મરસનો ભોગ મુખ્ય બની જાય તેવું ઘણા બધાંએ ઘણીવાર સ્વામીશ્રીના જીવનમાં અનુભવ્યું છે.

એક વખત સ્વામીશ્રી ગોંડલમાં બપોરનું ભોજન લઈ રહ્યા હતા. રોજની જેમ 'દિવ્ય વાણી'નાં વાંચન માટે નારાયણભૂષણ સ્વામીએ પુસ્તક ઉઘાડ્યું. તેઓ અનુસંધાન માટેનો પ્રસંગ શોધી રહ્યા હતા. સ્વામીશ્રી તેમની આ ગડમથલ થોડીવાર સુધી નિહાળી રહ્યા. પછી હળવેથી બોલ્યા : 'ડાબે હાથે જે પાનું છે એની નીચેની તરફથી વાંચો, ત્યાંથી અધૂરું છે.' સ્વામીશ્રીનો કથા સાંભળવાનો આગ્રહ કેવળ ઉપરછલ્લો નથી. તે આગ્રહ આસક્તિમાં ઓગળી ગયો છે. અન્યથા કથાપ્રસંગ સાંભળવા ઉપરાંત પણ આવી ઝીણી બાબતોનું ધ્યાન રાખવાનું સંભવે ખરું ?

સારંગપુરમાં સ્વામીશ્રીના ભોજન વખતે બ્રહ્મદર્શન સ્વામી વચનામૃત વરતાલ પ્રકરણના ૫ પર સુંદર સાંકળિયું (એક જ વિષયને અનુલક્ષીને કરાયેલા વચનામૃતનાં વિવિધ સંદર્ભોની ગૂંથણી) રજૂ કરી રહ્યા હતા. સ્વામીશ્રી જમતાં જમતાં ધ્યાનથી સાંભળી રહ્યા હતા. નારાયણભૂષણ સ્વામીશ્રી કહે : 'આ મૂળા જમો. કાલથી પાછા બંધ થવાના છે.'

સ્વામીશ્રી કહે : 'આ મૂળા (કથાવાર્તા) ચાલે છે અને બદલે અહીં ક્યાં ધ્યાન આપો છો ? મૂળા બંધ થાય તો કાંઈ નહીં, ચોમાસા પછી આવવાના જ છે ને ! બધા ધ્યાનથી સાંભળો...' ભોજન સમયે પણ સ્વામીશ્રીને ભોજન તરફ લક્ષ્ય ન હતું. તેઓના ઈશકની આ પરાકાષ્ઠા હતી.

ગોંડલમાં સ્વામીશ્રી બપોરે જમતા હતા ત્યારે ઘણી ગમ્મત થઈ. તેમાં જમવાનું અડધું પતી ગયું. સ્વામીશ્રી તરત કહે, 'આપણે પેલું જીવનચરિત્ર વાંચવાનું રહી જાય છે. બીજી બધી વાતોમાં આ જમવાનું યે પતવા આવ્યું.'

એક સંત કહે, 'સાંજથી શરૂ કરીશું....'

સ્વામીશ્રી કહે : 'સાંજે શું કરવા ? અત્યારે જ લઈ આવો...' આજ્ઞા કરી સ્વામીશ્રીએ ત્યાં અને ત્યારે જ પુસ્તક મંગાવીને જીવનચરિત્રનું શ્રવણ કર્યું. ત્યાર બાદ જ આરામમાં પધાર્યા.

પંચતારક હૉટલોમાં પરિષદો ગોઠવીને ગરીબી દૂર કરવાની રૂપરેખા ઘડતા રાજપુરુષો જેવા સ્વામીશ્રી નથી. તેમની વાણીને આચરણની ધાર છે. તેથી જ તે અન્યના હૃદયને ભેદીને સૌને આચારની શિક્ષા આપી જાય છે.

Not word, let work shall speak me શબ્દોને નહીં, કાર્ય ને બોલવા દો – અક્ષુણ્ણ ગુણાતીત પરંપરાનો આ મુદ્રાલેખ છે. સ્વામીશ્રી બોલતા નથી, તેઓનું વર્તન બોલે છે. અને હરિભક્તો-સંતોને નિયમપાલનની પ્રેરણા મળતી રહે છે.

સ્વામીશ્રી ભોજન વખતે તો ગ્રંથશ્રવણ કરે જ છે પણ સ્વામિનારાયણ સંપ્રદાયમાં બપોરના ભોજન બાદ બપોરની કથાનો પણ એક નિયમ છે. તે પણ યથાર્થપણે પાળતા જોવા મળે છે.

રાયપુર(મધ્યપ્રદેશ)ના રોકાણ દરમ્યાન સ્વામીશ્રી જમીને સોફા પર બિરાજ્યા હતા. 'વચનામૃત' વંચાય તે પહેલાં પ્રભાશંકર પંડ્યાએ પ્રો. જેઠાલાલ સ્વામિનારાયણના પ્રસંગો સ્વામીશ્રીને કહ્યા. ત્યાં સુધીમાં સેવકો જમીને આવી ગયા. તેઓ સ્વામીશ્રીનાં ચરણારવિંદ આગળ ચંપલ મૂકીને તેમને ઊભા કરવા જતા હતા.

સ્વામીશ્રી કહે : 'ઊભા રહો, ઊભા રહો. હજી વચનામૃત બાકી છે.' વચનામૃત વંચાવ્યા બાદ જ આરામમાં પધાર્યા.

ભાવપુરામાં પણ પ્રતિષ્ઠાવિધિ બાદ સંતોની પંગતમાં પીરસાવી સૌને ખૂબ જમાડ્યા. ભોજન બાદ છેલ્લે કહે : 'હરે ! કો'ક મોઢે વચનામૃત બોલો.' શ્રીરંગ સ્વામી વચનામૃત બોલ્યા પછી આરામમાં પધાર્યા.

લુપ્ત થતો જતો આ નિયમ પણ સ્વામીશ્રીમાં શ્વસી રહ્યો છે, વસી રહ્યો છે.

આડેધડ ગોઠવાતાં વિચરણ અને અસંખ્ય પધરામણીઓના ભીડા વચ્ચે સ્વામીશ્રીની તપ-નિયમની રુચિ ઘરડી નથી થઈ. તે સદા નવી ને નવી જ રહી છે.

આહ્નિકનું ત્રિકાલાબાધિત ગૌરવ

લૌકિક દૃષ્ટિએ વિચારીએ તો સ્વામીશ્રીને પૂર્વાશ્રમથી જ સત્સંગનો યોગ હતો. તેઓના કુટુંબમાં ગ્રામીણ કુટુંબની સરળતા જરૂર હતી પરંતુ જીવતર બગાડે એવી ભોળપ ન હતી. એટલે જ જ્યારે આજુબાજુનાં મકાનોમાં વ્યસનો

ઘર કરી ગયેલાં ત્યારે આ કુટુંબમાં એકાદશીના દિવસે અનાજ પણ રંધાતું નહીં સ્વામીશ્રી પણ આ વ્રત કરતા. તે વ્રતમાં તેઓની દૃઢતા કેટલી પર્વતપ્રાય તેની વાત સ્વામીશ્રીના જ શબ્દોમાં જોઈએ.

૧૯૮૮ ના વિદેશપ્રવાસ દરમ્યાન રીવર વ્યૂ-ડેટ્રોઇટ(યુ.એસ.એ.)માં મૂળ ભાદરણના પ્રદીપભાઈને સ્વામીશ્રી સત્સંગની દૃઢતાની વાતો કરી રહ્યા હતા. તેમાં સ્વામીશ્રીએ કહ્યું : 'તારા પિતા જયેન્દ્રભાઈ, તેના પિતા મગનલાલ ને તેના પિતા છોટાભાઈ. છોટાભાઈએ મને ખૂબ રમાડેલો. હું તે વખતે નાનો. છ કે સાત વર્ષનો હોઈશ. છોટાભાઈ બધા છોકરાઓને ભેગા કરે ને રમત રમાડે. મીઠાઈ આપે. એક વાર કોઈ પ્રસંગે તેમણે બધાનો જમણવાર ગોઠવેલો. અમે પચ્ચીસેક છોકરાઓ હતા. મિષ્ટાન્ન કરેલું. તે દિવસે એકાદશી. અમારે ત્યાં પહેલેથી એકાદશી રહે. એટલે મારે ફરાળી ઉપવાસ હતો. પણ છોટાકાકાએ ને બીજા મિત્રોએ બળજબરી કરી જમવા બેસાર્યો. હું રડવા માંડ્યો. આટલા બધા સામે આપણે શું બોલી શકીએ !... પછી તો છોટાકાકાએ મારી પાસે બેસી હેતથી પૂછ્યું : 'તારે શું જોઈએ છે ?' મેં કહ્યું : 'મને એકાદશી કરવા દો. મારે આ નથી જમવું.' પછી તો છોટાકાકાએ બરફી, પેંડા ને બીજું ફરાળ મંગાવી દીધું ને ફરાળ કરાવ્યું...'

નિયમભંગ થવાનો અવસર આવે ત્યારે સ્વામીશ્રીનું હૃદય રડી ઊઠે છે. તેનો અલ્પ અણસાર આંખની ભીની કિનારી આપતી હોય છે.

એકાદશી કરવાની આ પોતાની દૃઢતા ૫૮ મા વર્ષે, વૈશાખના બળબળતા બપોરમાં, ૧૦૦ ઉપરાંત પધરામણીઓ અને ૧૦૨ ડિગ્રી તાવમાં પણ મોંમાં પાણીનું ટીપું સુદ્ધાં મૂક્યા સિવાય સ્વામીશ્રીએ જાળવી રાખી હતી. ત્યારબાદ સ્વાસ્થ્યને લઈને સ્વામીશ્રી હાલ પણ ફરાળી એકાદશી તો કરે જ છે. પરંતુ હજીયે શાસ્ત્રીજી મહારાજે આપેલા વર્ષના પાંચ ઉપવાસ તો નિર્જળા જ કરવાનો આગ્રહ રાખે છે. તેમનો આ આગ્રહ જોઈ સ્વામીશ્રીના સખા સમા અને સંસ્થાના જ્ઞાનવૃદ્ધ સદ્‌ગુરુ સંત સ્વામીએ તેમને કહ્યું : 'સત્સંગનો વ્યાપ ખૂબ વધી ગયો ને હજી આપને જવાબદારી ઘણી ઉઠાવવાની છે માટે શરીરને સાચવવું જોઈએ... હવે ઉપવાસનો બહુ આગ્રહ ન રાખવો....'

સ્વામીશ્રી કહે : 'ખાસ કંઈ વાંધો નથી આવતો..'

સંત સ્વામી કહે : 'હવે મારાથી એકાદશી થતી નથી.'

સ્વામીશ્રી કહે : 'નાનું બાળક ને એંસી વરસના વૃદ્ધ બંને માટે નિયમો પૂરા થઈ ગયા કહેવાય. માટે તેનો વાંધો નહીં.'

નારાયણચરણ સ્વામી માર્મિક રીતે બોલ્યા : 'હવે જમાના પ્રમાણે ૬૦ વર્ષે વૃદ્ધ કહેવાય. એને પણ ચાલે.' સ્વામીશ્રી તેમનો ભાવ કળી ગયા અને કહે : 'જમાના પ્રમાણે નહીં. શાસ્ત્ર પ્રમાણે જોવું. એમાં ફેરફાર થાય નહીં.'

'શાસ્ત્ર તો દોઢસો વર્ષ પહેલાં લખાયું છે.' (શાસ્ત્ર = ધર્મામૃત)

'ભલે ને દોઢસો થયા. એના નિયમો ત્રિકાલાધિત હોય.' સ્વામીશ્રી વિશ્વાસથી બોલ્યા.

મુકુંદ સ્વામી કહે : 'એવું હોય તો જડભરતે કહ્યું છે કે વિધિનિષેધને શું કરવા છે ?'

સ્વામીશ્રી કહે : 'એ ભલે કહે. આપણા ગુરુઓ કરી ગયા છે. એની રીતે રીત આપણી.... આપણે પળાય એટલું પાળી લેવાનું. બીજું ભગવાનની ઈચ્છા મુજબ થશે એની ચિંતા નહીં.' સ્વામીશ્રીને લોક કરતાંયે શાસ્ત્ર અને શાસ્ત્ર કરતાં યે ગુરુઓનાં વચનમાં અને જીવનમાં અડગ શ્રદ્ધા છે. તેઓના ઉપદેશમાં તપની રુચિ વાક્યે વાક્યે ડોકાય છે.

એકાદશીની આવી સાત્ત્વિક મનોભૂમિકામાં પણ સ્વામીશ્રી આહ્નિક ક્યારેય ચૂકતા નથી. દર્શન, આરતી, કથા, ચેષ્ટામાં ક્યારેય ઓટ આવવા દેતા નથી.

એક વાર સ્વામીશ્રી હિંમતનગર હતા. એકાદશીના દિવસે રાત્રે ૧૦-૧૫ વાગ્યા સુધી 'હરિલીલામૃત'ની કથાનું શ્રવણ કર્યા બાદ ઉતારે પધાર્યા. ઉતારે આવીને સંતોને કહે : 'લ્યો ! ચેષ્ટા બોલો.' સંતોએ જવાબમાં કહ્યું કે ચેષ્ટા બોલી લીધી.

સ્વામીશ્રીએ ચિકિત્સક દૃષ્ટિથી પૂછ્યું : 'ખરેખર ! કે પછી એમ ને એમ કહો છો ?'

'ના, ખરેખર !'

સ્વામીશ્રી કહે : 'તો સારું. ચેષ્ટા માટે તો ખટકો જોઈએ. બધા સાથે બેસીને કથા કરતાં કરતાં કામ પતાવવું. કથા-વાર્તા, સેવા ને ચેષ્ટાની રુચિ જોઈએ. દર્શન પણ. એ આપણી શોભા કહેવાય. કથાવાર્તા, ચેષ્ટા, દર્શન કરીએ તો અંતર્વૃત્તિ થાય. આ બધું કર્યા કરીએ તો બળ મળતું જાય. મૂકી દઈએ તો સાવ જાય.'

સાત્ત્વિકતામાં આહ્નિકને ઘસારો ન લાગે તેની ખટક પોતે રાખે છે અને પછી રખાવે છે.

અણિશુદ્ધ વર્તનની વાચા

સ્વામીશ્રી ટોરન્ટો(કેનેડા)માં પત્રલેખન કરી રહ્યા હતા. સૌ સંતોએ તે દરમ્યાન બહાર ચેષ્ટા બોલવાની શરૂઆત કરી. ચેષ્ટાગાન શરૂ થવાનો ખ્યાલ આવતાં જ સ્વામીશ્રીએ વ્યક્તિગત મુલાકાતમાં સહાયરૂપ થતા અમૃતદર્શન સ્વામીને પણ ચેષ્ટા બોલવા મોકલી દીધા. લેસ્ટરમાં સ્વામીશ્રી રાત્રે પલંગ પર પોઢી રહ્યા હતા. આંખોમાંથી લૅન્સ લેવાયા. તે વખતે પોતે બોલ્યા : 'સંતો ! માળા-ચેષ્ટા કરો છો ને ! સભામાં માળા લઈને બેસવું.'

સવારથી લઈને રાત્રિ સુધી, પૂજાથી માંડીને ચેષ્ટા સુધી - સ્વામીશ્રીની પ્રત્યેક ક્રિયામાં નિયમપાલનનો આગ્રહ સ્પષ્ટપણે તરવરી રહે છે.

સ્વામીશ્રી તો સિદ્ધપુરુષ છે. તેમને વિધિ શું અને નિષેધ શું ?

'નૈસ્ત્રૈગુણ્યે પથિ વિચરતાં કો વિધિ કો નિષેધઃ ।

સ્વામીશ્રી આ શ્લોકોક્તિ વાપરી શકે તેવા પુરુષ છે. છતાં પણ 'બાલાનામ્ સુખબોધાય -' શિષ્યોની પ્રેરણા માટે તેઓ અત્યંત કડક આગ્રહ પોતાના જીવનમાં રાખે છે.

ભગવદ્ ગીતામાં કહ્યું છે :

'યદ્યદ્ આચરતિ શ્રેષ્ઠસ્તત્તદેવેતરો જનઃ ।
સ યત્પ્રમાણ કુરુતે લોકસ્તદનુવર્તતે' ॥

મોટાપુરુષો તો સદા પૂર્ણકામ હોય છે. તેઓને કાંઈ અધૂરું હોતું નથી. પરંતુ ઉત્તમજનો જેનું આચરણ કરે, તેવું જ આચરણ લોકો કરવા લાગે છે. આથી, લોકસંગ્રહ માટે તેઓ પોતાનાં વર્તનને અણિશુદ્ધ રાખતા હોય છે.

સુપ્રસિદ્ધ વિદ્વાન આલ્બર્ટ કહે છે : 'Example is not a main thing in influencing others, is the only thing.'

શુદ્ધ વર્તન જેવું વાચાળ બીજું કોઈ નથી.

વર્તનની આંકણી પર પાર ઊતરેલી સ્વામીશ્રીની સંઘેડા-ઉતાર સાધુતા અને દૃઢતા હકીકતે તો સર્વને નિયમપાલનની પ્રેરણા આપે છે.

સ્વામીશ્રીનો નિયમપાલનનો આગ્રહ પણ અણિશુદ્ધ વર્તનથી રસાયેલો છે

એટલે જ સૌ તેને હોંશે હોંશે મસ્તકે ચડાવે છે.

સિદ્ધ જ્યારે સાધનાનો આરંભ કરે છે ત્યારે જ સાધકનો આદર્શ મૂર્તિમંત થતો હોય છે. સ્વામીશ્રીએ એ આદર્શ બેસાડ્યો છે.

અમૃતમય જીવનનો ધ્યેયમંત્ર

પ્રમુખસ્વામી મહારાજ !

અમૃતનું અપર નામ !

અષ્ટાંગ બ્રહ્મચર્યના ઓજસ્થી ઓપતી ચુંમોતેર વર્ષની આ તારુણ્ય પાર્થિવ આંખો બંધ કરીને નિહાળતાં કંઈક આવી ઊભરે છે, નિખરે છે...

અત્યાર સુધી ૪૩ દેશોના, ૧૧,૫૦૦ થી યે વધુ ગામો અને અઢી લાખથી વધુ ઘરોમાં પોતાનાં ચરણારવિંદની કુમકુમ પગલી પાડીને અનેકની હૃદયસેજને લાલિમા અર્પનાર...

આંખના મટકે ને કરના લટકે અનેકને માનવીય ગરિમા અર્પનાર...

આબાલવૃદ્ધ સૌના મસ્તક પર પોતાના અભયહસ્ત સ્થાપીને તેઓના યોગક્ષેમનું વહન કરનાર...

દુનિયાંનાં દુઃખોને કોઈપણ પ્રકારના આભિજાત્ય વિના સવિનય સહન કરનાર અને બદલામાં અમૃતસંજીવની રેલાવનાર...

માનવીની અનાવિલ અંતર્ભૂમિ પર અનુભૂતિની પેલે પાર લઈ જાય તેવી પરાવાણીના તરંગ ટાંકણે અનેકનાં આત્મશિલ્પ કંડારનાર...

નેહ નીતરતાં નયનો દ્વારા અનેકને તેજલ ને અમીયલ ધાર પીવરાવનાર..

... આ વૈશ્વિક સંતપ્રતિભા આ વર્ષે અમૃતવર્ષમાં પ્રવેશે છે....

આપણને અમૃતઘૂંટ પીવડાવવા જીવનભર ઝેરના ઘૂંટડા જાણીજાણીને પીનાર સ્વામીશ્રીના અનંત અનંત ઉપકારોના ઋણને યત્કિંચિત્ ચૂકવવા આ વર્ષે આપણે થનગની રહ્યા હોઈએ તે સ્વાભાવિક છે...

આપણાં અંતરવાક્યોને પૂર્ણવિરામ અર્પનાર સ્વામીશ્રીની અંતરતમની ભાવનાઓને સાકાર કરવા આપણે ઉપરતળે થઈ રહ્યા હોઈએ તે સ્વાભાવિક છે...

આ અમૃત મહોત્સવ આપણે આપણા મનના ઉમંગથી ઊજવીએ એ તો ખરું

અમૃત મહોત્સવે એમને આપણી પાસેથી શું જોઈએ છે ?

આશીર્વાદ !

હા, એમના પ્રત્યેક દિવસની એ માંગ છે. સ્વયં આશીર્વાદની મૂર્તિ બનીને વિચરતા સ્વામીશ્રી જ્યારે આપણી પાસે આશીર્વાદ ઝંખે છે તે કંઈક આવા વિશિષ્ટ અર્થમાં છે.

આશીર્વાદરૂપે એમને જોઈએ છે આપણું આદર્શ જીવન !

આપણે આદર્શ સત્સંગી બનીએ એ જ એમને મન આપણો એમના પરનો રાજીપો !

એમના જ શબ્દોમાં આ છે એમની અભિલાષા. આ છે એમની અપેક્ષા : 'દરેક સત્સંગી આદર્શ સત્સંગી બને એ જ અમૃત જયંતી. દરેકનું જીવન ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા મુજબનું થાય અને સૌને ઘરમાં, અંતરમાં . થાય એ જયંતી જ છે !'

આ છે એમના અમૃત મહોત્સવનો ધ્યેયમંત્ર.

આ છે આપણા સૌની ગુરુભક્તિનો બીજમંત્ર.

શાનદાર, રોનકદાર, બેનમૂન એવા અમૃત મહોત્સવમાં દિવ્ય સિંહાસન પર બીરાજીને આંખમાં આંસુ સાથે, બે હાથ જોડીને સ્વામીશ્રી જ્યારે આર્દ્રતાના ધીરા પણ ઘેરા સ્વરો ઘૂંટતા કહેશે :

'મને આશીર્વાદ આપો....' ત્યારે આ નિયમોરૂપી ગુરુભક્તિ અર્ઘ્ય અર્પણ કરવામાં જ અમૃત મહોત્સવની સાચી ભવ્યતા શોભી ઊઠશે !!

કળિયુગી કલેવર ધારણ કરીને પધારેલા સત્યુગી સંતની આ અંતરની આરઝૂ છે.. કારણ કે તેમને આપણને સૌને સત્યુગી કરવા છે... અક્ષર- અમૃત કરવા છે..

એક વખત નવસારીથી આવેલા ગોવિંદ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'સ્વામીબાપા ! સત્યુગના નિયમો શું ?'

સ્વામીશ્રી કહે : 'આપણા સાધુના તો જે છે એ જ.'

'પણ લોકો માટે ?'

સ્વામીશ્રી બોલ્યા : 'નાવું-ધોવું, પૂજાપાઠ કરવી.... વગેરે જે નિયમો કહ્યા છે એ જ.'

ગોવિંદ સ્વામી કહે : 'સત્યુગમાં બીજા નવા ન હોય ?'

સ્વામીશ્રીએ સ્પષ્ટતા કરી : 'આ તો લોકો આ નિયમો અત્યારે પાળતા નથી, એટલે કળિયુગ છે. બાકી નિયમો તો સત્યુગના જ છે.'

શ્રીજીમહારાજ વચનામૃત વરતાલ પ્રકરણ ૬માં કહે છે : 'જ્યારે ઘણા મનુષ્ય ભગવાનના એકાંતિક ભક્ત થાય છે ત્યારે કળિયુગને વિષે પણ સત્યુગ થાય છે.'

સ્વામીશ્રીએ પોતે પાળેલા અને વિવિધ રીતે ભક્તો પાસે પળાવેલા નિયમોના ઉજાસ દ્વારા હળાહળ કળિયુગના ગાઢા અંધકારને વિદારીને સત્યુગી ભાણ પ્રગટાવ્યા છે..

આવો, આપણે પણ અમૃતનાં ઓવારણાં લઈને સોનલ વરણે ફૂટેલા સત્યુગી પ્રભાતની પહેલી ટશરના ચિરંતન સંગી બનીએ -

નિયમોને આચરણમાં દૃઢીભૂત કરીને; ઘનીભૂત કરીને !!!

* * *



આજે સ્વતંત્રતાનો વાયુ ફૂંકાયો છે.
આજના યુગને ધર્મબંધનોની કેદ કઠે છે. પ્રગતિમાં અવરોધક લાગે છે. પણ પોતે ભૂલી જાય છે કે પ્રગતિનું રહસ્ય એ શિસ્ત જ છે, સંયમ જ છે. પ્રમુખસ્વામી મહારાજ કહે છે :
'ધર્મનાં બંધન એ બંધન નથી પણ મુક્તિનાં સાધન છે.'
શું નદીના કિનારા નદીનું બંધન કહેવાશે ખરા ? નદીનાં નીરની પ્રગતિ, પારદર્શિતા અને પ્રવાહિતા કિનારાને જ આભારી છે ને ! કિનારા વિના લોકમાતા તળાવ બની જાય.
નિત્શે કહેતો : 'જે વૃક્ષને આકાશની ઊંચાઈએ ગતિ કરવી હોય તેણે પોતાનાં મૂળિયાં પાતાળ સુધી પહોંચાડવાં પડે.'
તારનું બંધન છે તો સિતારનું અસ્તિત્વ છે.
મુક્તિ માટે બંધનની આવશ્યકતા છે જ. પ્રમુખસ્વામી મહારાજે આ આવશ્યકતા પિછાણી છે. એમને સમાજને ઊર્ધ્વગામી બનાવવો છે. એટલે જ તેઓ નિયમોનાં મૂળિયાં પાતાળે નાંખે છે.
સ્વચ્છંદતા પશુતા નોતરે છે. પ્રમુખસ્વામી મહારાજને માનવમાંથી દેવ પ્રગટ કરવો છે, પશુ નહીં.
એટલે જ સ્વામીશ્રી સમાજને સંયમની સ્વતંત્રતા બક્ષે છે.

અમૃત મહોત્સવ '૯૫